PRGI NO. GJGUJ/25/A31283

Bharuch

# ન્યુઝ આઈ

દૈનિક

માલીક, પ્રકાશક, તંત્રી : નિરવ અનિલભાઈ પંડ્યા, મો.૯૪૨૯૯ ૪૭૭૯૯

Owner, Publisher, Editor: Nirav Anilbhai Pandya, Mo.:-94299 47799.

Volume/Year-01 ● Issue-116 ● Date: 20-05-2026 ● WEDNESDAY ● Page: 04 • Price: Rs.04/

રજી. કાર્યાલય :- બી-૧૩, ભાવના ફાર્મ, રાજપીપલા રોડ, અંકલેશ્વર, જિ. ભરૂચ-૩૯૩૦૦૨.

Regd. Off. : B-13, Bhavna Farm, Rajpipla Road, Ankleshwer, Dist.Bharuch-393002.

www.newseye.co.in

Email:- newseyedaily26@gmail.com, newseye11@yahoo.com

20-05-2026_NewsEye_116_1

ઈ-ફાર્મસી એપ્સ Vs મેડિકલ સ્ટોર્સનો જંગ

# આજ રોજ ૧ ૨ લાખથી વધુ મેડિકલ સ્ટોર્સની હડતાળ

**આ વિવાદનું મુખ્ય કારણ ઈ-ફાર્મસી પ્લેટફોર્મનો સતત વધતો જતો વ્યાપ અને ઓનલાઈન દવા વેચાણને નિયંત્રિત કરતી અપૂરતી સરકારી દેખરેખ છે**




(સમાચાર એજન્સી દ્વારા)નવી દિલ્હી, આજના ડિજિટલ યુગમાં એક ક્લિક પર કપડાં અને કરિયાણાની જેમ દવાઓ પણ ઘરબેઠા આકર્ષક ડિસ્કાઉન્ટ સાથે મળી જાય છે. આ સુવિધા ગ્રાહકોને ખૂબ સુવિધાજનક લાગે છે, પરંતુ તેની પાછળ એક મોટું આર્થિક અને આરોગ્ય સંબંધિત સંકટ આકાર લઈ રહ્યું છે. ભારતભરના ૧૨.૪ લાખથી વધુ કેમિસ્ટ અને ફાર્માસ્યુટિકલ વિતરકોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા 'ઑલ ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન ઓફ કેમિસ્ટ્સ એન્ડ ડ્રગિસ્ટ્સ' એ ૨૦ મેના રોજ દેશવ્યાપી હડતાળની જાહેરાત કરી છે. મોટા કોર્પોરેટ-સમર્થિત ઓનલાઈન ફાર્મસી પ્લેટફોર્મ્સ અને ક્વિક-કોમર્સ એપ્સ સામે પરંપરાગત મેડિકલ સ્ટોર સંચાલકો કેમ રસ્તા પર ઉતરવા મજબૂર થયા છે અને આ વિવાદ શું છે, ચાલો સમજીએ.

આ વિવાદનું મુખ્ય કારણ ઈ-ફાર્મસી પ્લેટફોર્મનો સતત વધતો જતો વ્યાપ અને ઓનલાઈન દવા વેચાણને નિયંત્રિત કરતી અપૂરતી સરકારી દેખરેખ છે. કેમિસ્ટ સંગઠનોનો આક્ષેપ છે કે ઓનલાઈન દવા વેચતા પ્લેટફોર્મ્સ નબળા નિયમન હેઠળ કામ કરી રહ્યા છે. તેઓ પ્રિસ્ક્રિપ્શન, સ્ટોરેજની યોગ્ય શરતો અને ડિલિવરીના કડક ધોરણોની ચકાસણી કર્યા વિના જ આડેધડ દવા વેચી રહ્યા છે. આ સંગઠનના પ્રમુખ જે. એસ. શિંદે અને મહા મંત્રી રાજીવ સિંઘલે એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું છે કે, 'આ ફક્ત વેપારનો મુદ્દો નથી, પરંતુ દર્દીની સલામતીનો મામલો છે.' AI જનરેટેડ પ્રિસ્ક્રિપ્શન: આજના સમયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) દ્વારા બનાવેલા પ્રિસ્ક્રિપ્શન બતાવીને ઓનલાઈન દવાઓ ખરીદવાનું જોખમ વધી ગયું છે. એન્ટિમાઈક્રોબાયલ રેઝિસ્ટન્સ (AMR): ડૉક્ટરની સલાહ વિના ઓનલાઈન એન્ટિબાયોટિક્સના અનિયંત્રિત વપરાશને કારણે શરીરમાં દવાઓ અસર કરતી બંધ થઈ જાય છે, જે વૈશ્વિક સ્તરે જાહેર આરોગ્ય માટે મોટો ખતરો છે.

નાના શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાં પરંપરાગત મેડિકલ સ્ટોર્સ ખૂબ જ ઓછા નફાના માર્જિન પર કામ કરે છે. બીજી તરફ, મોટા કોર્પોરેટ જૂથોના પીઠબળ ધરાવતી ઈ-ફાર્મસીઓ ગ્રાહકોને આકર્ષવા માટે ૫૦ ટકા સુધીનું આક્રમક ડિસ્કાઉન્ટ આપે છે. સ્થાનિક કેમિસ્ટો માટે આટલું મોટું ડિસ્કાઉન્ટ આપવું આર્થિક રીતે શક્ય નથી. આથી બજારમાં 'અન્યાયી સ્પર્ધા' ઊભી થઈ રહી છે, જે નાના કેમિસ્ટોના અસ્તિત્વને જોખમમાં મૂકી રહી છે. કેમિસ્ટોની માંગ છે કે સરકારે આ પ્રિડેટરી પ્રાઈઝિંગ રોકવી જોઈએ અને બજારમાં બધા માટે સમાન તક એટલે કે 'લેવલ પ્લેઈંગ ફીલ્ડ' નીતિ લાવવી જોઈએ.

૧. G.S.R. 220(E) નોટિફિકેશન : માર્ચ ૨૦૨૦માં દેશમાં કોવિડ-૧૯ મહામારીના કારણે કટોકટી અને લોકડાઉનની સ્થિતિ હતી, ત્યારે સરકારે દર્દીઓ સુધી દવાઓ સરળતાથી પહોંચી શકે તે માટે કામચલાઉ ધોરણે G.S.R. 220(E) નોટિફિકેશન જાહેર કર્યું હતું, જે અંતર્ગત દવાઓની હોમ ડિલિવરી માટે નિયમોમાં છૂટછાટ આપવામાં આવી હતી. કેમિસ્ટોનો આરોપ છે કે મહામારી પૂરી થઈ ગઈ હોવા છતાં સરકારે આ કામચલાઉ છૂટછાટ ચાલુ રાખી છે. આનાથી બજારમાં એવી છટકબારીઓ ઊભી થઈ છે જેનો ગેરફાયદો ઈ-ફાર્મસી અને ક્વિક-કોમર્સ મેડિસિન એપ્સ ઉઠાવી રહી છે. આ છૂટછાટો પ્રિસ્ક્રિપ્શન દવાના વેચાણને નિયંત્રિત કરતા 'ડ્રગ નિયમ ૬૫' હેઠળના સલામતી પગલાંને નબળા પાડે છે.

૨. G.S.R. 817(E) નોટિફિકેશન : બીજો વિવાદનો મુદ્દો G.S.R. 817(E) નો ડ્રાફ્ટ છે. આ ડ્રાફ્ટમાં ઈ-ફાર્મસીઓને નિયંત્રિત કરવા માટે ફરજિયાત નોંધણી, પ્રિસ્ક્રિપ્શન તપાસ, ઓપરેશનલ સેફગાર્ડ્સ (સુરક્ષા ઉપાયો) અને નિયમોના ઉલ્લંઘન બદલ દંડની જોગવાઈઓ પ્રસ્તાવિત કરાઈ હતી. જો કે, સરકારે આ ડ્રાફ્ટનો ઔપચારિક રીતે અમલ પણ ન કર્યો અને તેને પાછો પણ ન ખેંચ્યો. સ્પષ્ટ કાનૂની માળખાના અભાવે ઈ-ફાર્મસીઓ કોઈપણ રોકટોક વિના બિન્ધાસ્ત કામ કરી રહી છે, જેનો કેમિસ્ટો વિરોધ કરી રહ્યા છે અને તેને રદ કરવાની માંગ કરી રહ્યા છે.

તાજેતરમાં કેમિસ્ટ એસોસિયેશનના સભ્યોએ કેન્દ્રીય દવા નિયમનકારના અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. અધિકારીઓએ ખાતરી આપી છે કે આ મુદ્દો હાલમાં આરોગ્ય મંત્રાલયની સમીક્ષા હેઠળ છે. જો કે, છેલ્લા કેટલાક વર્ષોથી માત્ર ઠાલા આશ્વાસનો મળતા હોવાથી કેમિસ્ટો સંતુષ્ટ નથી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ આ અંગે મેમોરેન્ડમ સુપરત કરાયું છે.

કેમિસ્ટોએ ચેતવણી આપી છે કે જો સરકાર યોગ્ય પગલાં નહીં લે તો આંદોલન વધુ ઉગ્ર બનશે. ૨૦ મેના રોજ યોજાનારી આ હડતાળથી નાના શહેરો અને અર્ધ-શહેરી વિસ્તારોમાં નિયમિત દવા ખરીદી પર થોડી અસર પડી શકે છે કારણ કે ત્યાં સ્થાનિક ફાર્મસીઓ જ મુખ્ય સ્રોત છે. જો કે, એસોસિએશને સ્પષ્ટ કર્યું છે કે ઈમરજન્સી દવાઓ તમામ જગ્યાએ ઉપલબ્ધ રહેશે.

બીજી તરફ, પશ્ચિમ બંગાળ, કેરળ, મહારાષ્ટ્ર, પંજાબ, કર્ણાટક અને ઉત્તર પ્રદેશ સહિત દેશના ઓછામાં ઓછા ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના રિટેલ ફાર્મસી એસોસિએશનોએ 'જાહેર હિત' અને દર્દીઓ સુધી દવાઓની અવિરત પહોંચ જાળવી રાખવા માટે આ હડતાળથી દૂર રહેવાનો નિર્ણય કર્યો છે. ઘણાં સંગઠનો હડતાળમાં ન જોડાવાના હોવાથી ૨૦ મેના રોજ દવા પુરવઠા પરની અસર મર્યાદિત રહેવાની સંભાવના છે.

છત્તીસગઢમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન મોટો દાવો

## છત્તીસગઢમાં હવે ભયનો માહોલ ખત્મ, બસ્તર હવે નક્સલ મુક્ત : અમિત શાહ



(સમાચાર એજન્સી દ્વારા) છત્તીસગઢ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મંગળવારે છત્તીસગઢમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન મોટો દાવો કરતા જણાવ્યું કે બસ્તર સહિત સમગ્ર દેશમાં નક્સલવાદનો લગભગ સંપૂર્ણ સફાયો થઈ ગયો છે. તેમણે કહ્યું કે એક સમય એવો હતો જ્યારે બસ્તર જિલ્લો નક્સલીઓથી સૌથી વધુ પ્રભાવિત વિસ્તાર માનવામાં આવતો હતો, પરંતુ હવે અહીંથી નક્સલવાદ સંપૂર્ણપણે ખતમ કરવામાં સફળતા મળી છે. રાજ્યમાં હવે ભયનું વાતાવરણ સમાપ્ત થયું હોવાનું પણ તેમણે જણાવ્યું. અમિત શાહે કહ્યું કે નક્સલવાદ ખતમ થયા બાદ તેઓ પ્રથમ વખત બસ્તર આવ્યા છે અને હવે અહીં વિકાસના નવા યુગની શરૂઆત થઈ રહી છે. તેમણે જણાવ્યું કે છત્તીસગઢમાં વિકાસ ન થવાનું મુખ્ય કારણ નક્સલવાદ હતું. ૧૯ મે ૨૦૨૬ની તારીખને ઐતિહાસિક ગણાવતા તેમણે કહ્યું કે હવે બસ્તરના આદિવાસી વિસ્તારોમાં વિકાસ કાર્યોને વધુ ગતિ આપવામાં આવશે. ગૃહમંત્રીએ જાહેરાત કરી કે બસ્તરના દરેક આદિવાસી પરિવારને એક ગાય અને એક ભેંસ આપવામાં આવશે. સાથે જ બસ્તર વિસ્તારમાં મોટું ડેરી નેટવર્ક ઉભું કરવાની યોજના પણ સરકાર બનાવી રહી છે. જંગલમાંથી મળતા વનઉત્પાદનોનો સીધો લાભ આદિવાસીઓ સુધી પહોંચાડવા માટે ખાસ આયોજન કરવામાં આવશે. આ દરમિયાન તેમણે ભારતીય જનતા પાર્ટી સરકારની કામગીરીની પ્રશંસા કરતા કોંગ્રેસ પર પણ નિશાન સાધ્યું. તેમણે આરોપ લગાવ્યો કે અગાઉની કોંગ્રેસ સરકારે નક્સલવાદના ઉન્મૂલનમાં પૂરતું સહકાર આપ્યો નહોતો. ડિસેમ્બર ૨૦૨૩માં ભાજપ સરકાર બન્યા બાદ નક્સલવાદ વિરુદ્ધ કાર્યવાહી વધુ તેજ કરવામાં આવી હતી. અમિત શાહે નક્સલમુક્ત ભારત બનાવવામાં સુરક્ષા દળોના યોગદાનની પણ પ્રશંસા કરી અને કહ્યું કે જવાનોના બલિદાનથી જ આ સફળતા શક્ય બની છે. કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાય અને ગૃહમંત્રી વિજય શર્મા પણ હાજર રહ્યા હતા.

જાપાની સંશોધકોએ ૫૬૦ GHz બેન્ડ થકી આ ઝડપ મેળવી

## જાપાને બનાવ્યું પહેલું ૬G ડિવાઈસ ૧૧૨ Gbpsની સ્પીડ હાંસલ કરી

(સમાચાર એજન્સી દ્વારા)ટોક્યો, જાપાન દ્વારા તાજેતરમાં એક ક્રાંતિકારી શોધ કરવામાં આવી છે. તેણે જે સાધન બનાવ્યું છે તે ઈન્ટરનેટની દુનિયામાં આશ્ચર્ય સર્જી કાઢે તેવું છે. તેણે ડાઉનલોડિંગ અને સ્ટ્રીમિંગની સમગ્ર કામગીરીને જ પલટી નાખી છે. જાપાની સંશોધકોએ એક ૬જ્ઞ પ્રોટોટાઈપ ડિવાઈસ બનાવ્યું છે. નવી ટેક્નોલોજીની મદદથી વિકસાવાયેલા આ ડિવાઈસમાં ૬જ્ઞ ચલાવવા દરમિયાન સંશોધકોને ૧૧૨ Gbpsની સ્પીડ મળી હતી. હાલમાં ચાલી રહેલા ૫જ્ઞ્ કરતા ૨૦ ગણી વધારે ઝડપ મળી હતી.

ઉલ્લેખનીય છે કે, જાપાની સંશોધકો દ્વારા પારંપરિક ઈલેક્ટ્રિક સર્કિટની જગ્યાએ લાઈટ એટલે કે પ્રકાશનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમાં ઓપ્ટિકલ માઈક્રોકોમ્બ નામના એક ખાસ નાનકડા ડિવાઈસના કારણે પણ ઘણો ફાયદો થયો હતો. આ ડિવાઈસ હાઈટેક લેઝર રૂલરની જેમ કામ કરે છે. તે પ્રકાશના સ્થિર અને સચોટ કિરણો ઉત્પન્ન કરે છે. આ પ્રકાશ સ્થિર હોવાથી તેમાં ડિજિટલ નોઈસ નહીવત્ હોય છે. તેના કારણે સચોટ અને સક્ષમ ટેરાહર્ટ્ઝ સિગ્નલ મળે છે. તેના કારણે કોઈપણ ખામી વગર કે અડચણ વગર સુપરફાસ્ટ સ્પીડથી ડેટા મોકલી અને રિસિવ કરી શકાય છે. આ ટેક્નોલોજીનો મોટો ફાયદો એ જોવા મળ્યો કે તેમાં વાઈબ્રેશનની ખાસ અસર થઈ નહીં. સામાન્ય રીતે ચીપ ટેક્નોલોજીમાં વાઈબ્રેશનને કારણે લેઝર એલાઈન્મેન્ટ બગડી જતું હોય છે. સંશોધકો દ્વારા તેમાં ઓપ્ટિકલ ફાઈબરને સીધા જ સિલિકોન નાઈટ્રેટ માઈક્રોરેઝોનરેટર ચીપ સાથે કાયમી ધોરણે જોડી દેવામાં આવ્યા હતા. તેના કારણે સેટઅપ ખૂબ જ નાની જગ્યામાં પૂરું થઈ ગયું. લેઝર એલાઈન્મેન્ટ ખરાબ થવાનો ભય ઓછો થઈ ગયો અને ટેમ્પ્રેચર કન્ટ્રોલર લાગેલું હોવાથી બહારના વાતાવરણની અસર ટળી ગઈ. સંશોધકો દ્વારા સુપરફાસ્ટ 6G નેટવર્ક બનાવવા માટે વિવિધ ફ્રિક્વન્સીનો ઉપયોગ કવરામાં આવ્યો હતો. તેના કારણે ઘણી સમસ્યા આવી રહી હતી. બીજી તરફ સામાન્ય ઈલેક્ટ્રોનિક સર્કિટ પણ આવી વિવિધ ફ્રિક્વન્સીના ઉપયોગના કારણે ખોટકાઈ જતી હતી. જ્યારે સંશોધકોએ ૩૫૦ GHz બેન્ડ આ કામગીરી કરી તો ડેટામાં ફિઝ નોઈસ એટલે કે ડિજિટલ નોઈસનું પ્રમાણ ખૂબ જ વધી ગયું. તેના કારણે તે કામ કરી શકતું નહોતું. જાપાનના તોકુશિમા યુનિવર્સિટીના સંશોધકોએ સમગ્ર ઈલેક્ટ્રોનિક સર્કિટ જ કાઢી નાખી. તેમણે તેની જગ્યાએ લેસર ટેક્નોલોજીનો ઉપયોગ શરૂ કરી દીધો. બીજી ખાસ વાત એવી રહી છે જ્યારે સંશોધકોએ ૫૬૦ GHz બેન્ડ ઉપર કામ કર્યું તો કોઈપણ અડચણ વગર તેઓ ઐતિહાસિક ૧૧૨ Gbps સ્પીડ મેળવી શક્યા હતા.

## પુતિન અને જિનપિંગની મુલાકાત પહેલા જ ચીનના જહાજ પર રશિયાનો હુમલો

નવી દિલ્હી, રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન ચીનના પ્રમુખ શી જિનપિંગને મળવા બેઈજિંગ પહોંચે તેના બરાબર એક દિવસ પહેલાં જ કાળા સમુદ્ર (બ્લેક સી)માં એક મોટો વૈશ્વિક તણાવ જોવા મળ્યો છે. અહીં યુક્રેનના બંદરો તરફ જઈ રહેલા બે નાગરિક જહાજો પર રશિયાએ ડ્રોન હુમલો કર્યો છે, જેમાં ચોંકાવનારી વાત એ છે કે એક જહાજ ચીનની માલિકીનું છે. યુક્રેનના સીપોર્ટ્સ ઓથોરિટીના જણાવ્યા મુજબ, સોમવારે આ હુમલા ઓડેસા વિસ્તારના બંદરો તરફ આગળ વધી રહેલા નાગરિક જહાજો પર થયા હતા. આ બંને જહાજોમાંથી એક માર્શલ આઈલેન્ડ્સના ધ્વજ હેઠળ અને બીજું ગિની-બિસાઉના ધ્વજ સાથે દરિયાઈ સફર પર હતું.યુક્રેનની નેવીના રિપોર્ટ્સ અનુસાર રશિયાના 'શાહેદ' ડ્રોન દ્વારા ચીનની માલિકીના કાર્ગો જહાજ 'KSL ડેયાંગ'ને નિશાન બનાવવામાં આવ્યું હતું, જે માર્શલ આઈલેન્ડ્સના ધ્વજ હેઠળ મુસાફરી કરી રહ્યું હતું. નેવી દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરાયેલા એક ફોટોગ્રાફમાં આ જહાજનો એક ભાગ હુમલાના કારણે આંશિક રીતે બળી ગયેલો સ્પષ્ટ જોઈ શકાય છે. ચાર વર્ષ પહેલાં યુક્રેન પર આક્રમણ કર્યા પછી, રશિયા યુક્રેનની કૃષિ નિકાસ માટેના સૌથી મહત્ત્વના દરિયાઈ કેન્દ્ર એવા ઓડેસાના બંદર વિસ્તારમાં નાગરિક જહાજો પર સતત હુમલા કરતું આવ્યું છે. પરંતુ, આ વખતનો હુમલો પુતિનની બે દિવસીય બેઈજિંગ મુલાકાત અને શી જિનપિંગ સાથેની બેઠક પહેલાં જ થતાં આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણો ગંભીર માનવામાં આવી રહ્યો છે.

આ હુમલા અંગે યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ સોશિયલ મીડિયા પર રશિયાનો પર્દાફાશ કરતાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, 'ડ્રોન્સ વડે ઓડેસા પર હુમલો કર્યો અને તેમાંથી એક ડ્રોન ચીનની માલિકીના જહાજ સાથે અથડાયું છે. રશિયા આ વાતથી બિલકુલ અજાણ ન હોઈ શકે કે તે સમયે સમુદ્રમાં કયું જહાજ હાજર હતું.' યુક્રેનની નેવીના પ્રવક્તા દિમિત્રો પ્લેટેનચુકે જણાવ્યું હતું કે રાત્રિ દરમિયાન ડ્રોન હુમલો થયા બાદ જહાજના ક્રૂ મેમ્બર્સે પોતાની રીતે જ સ્થિતિ પર કાબૂ મેળવી લીધો હતો.

ઈરાનની ધમકીથી દુનિયાભરમાં ફફડાટ

## દરિયામાં નાંખેલા કેબલ પર ટેક્સ આપો, નહીં તો ઈન્ટરનેટ ઠપ કરી દઈશું

(સમાચાર એજન્સી દ્વારા)નવી દિલ્હી, દુનિયાભરમાં આ સમયે સ્થિતિ ખૂબ જ ઝડપથી બદલાઈ રહી છે. ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા તણાવની અસર હવે માત્ર યુદ્ધના મેદાન સુધી સીમિત નથી રહી, પરંતુ તેની અસર ક્રૂડ ઓઈલની કિંમતોથી લઈને ગ્લોબલ સપ્લાય અને ઈન્ટરનેટ સુધી પહોંચી ગઈ છે. આ જ કારણ છે કે હવે આ જંગ માત્ર બે દેશોની લડાઈ નથી રહી, પણ આખી દુનિયા માટે મોટી મુશ્કેલી બની ગઈ છે. સૈન્ય કાર્યવાહીથી શરૂ થયેલો આ વિવાદ હવે ધીમે-ધીમે સામાન્ય લોકોની જિંદગીના દરેક હિસ્સાને પ્રભાવિત કરી રહ્યો છે. ઓઈલ અને બજાર પર અસર બાદ હવે દુનિયા સામે એક નવી ચિંતા આવી છે અને તે છે ઈન્ટરનેટ. હવે ઈન્ટરનેટ પણ દબાણ લાવવા માટેનું એક મોટું હથિયાર બની શકે છે.હાલમાં જ ઈરાનના સૈન્ય પ્રવક્તા ઈબ્રાહિમ જોલ્ફાઘરીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક મોટી વાત કહી છે. તેમણે જણાવ્યું કે હવે તેઓ ઈન્ટરનેટ કેબલ પર ટેરિફ લગાવશે. આનો અર્થ એ થયો કે સમુદ્રની નીચે બિછાવેલી ઈન્ટરનેટ કેબલનો ઉપયોગ કરવા માટે દુનિયાની કંપનીઓએ ઈરાનને પૈસા ચૂકવવા પડી શકે છે. આ ચિંતાજનક બાબત છે, કારણ કે દુનિયાનું મોટાભાગનું ઈન્ટરનેટ આ જ કેબલ પર ચાલે છે. આપણે જે ઈન્ટરનેટ વાપરીએ છીએ, તે વાસ્તવમાં સમુદ્રની નીચે બિછાવેલી ફાઈબર કેબલ દ્વારા એક દેશને બીજા દેશ સાથે જોડે છે.આ આખા મામલાને સમજવા માટે જ્યારે ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું, ત્યારે સામે આવ્યું કે 'સ્ટ્રેટ ઓફ હોર્મુજ'ની નીચે ઈન્ટરનેટ કેબલનું એક બહુ મોટું નેટવર્ક આવેલું છે. આ વિસ્તાર માત્ર ઓઈલના સપ્લાય માટે જ નહીં, પરંતુ ડિજિટલ દુનિયા માટે પણ અત્યંત મહત્ત્વનો છે. ઈન્ટરનેશનલ સંસ્થાના ડેટાના આધારે તપાસ કરી તો જાણવા મળ્યું કે, આ વિસ્તારમાંથી FALCON, GBICS, 2Africa, SeaMeWe ૬ અને AAE ૧ જેવી ઘણી મોટી ઈન્ટરનેટ કેબલ્સ પસાર થાય છે, જે એશિયા, આફ્રિકા અને યુરોપ વચ્ચેના ઈન્ટરનેટ ટ્રાફિકને સંભાળે છે. જો આ વિસ્તારમાં કોઈ મુશ્કેલી ઊભી થાય, તો તેની સીધી અસર કેટલાય દેશો પર એકસાથે પડી શકે છે.

આ વિવાદ ભારત માટે પણ ખૂબ જ ચિંતાજનક છે, કારણ કે આમાંની ઘણી ખરી કેબલ્સ સીધી ભારત સુધી આવે છે અને મુંબઈ તેમજ ચેન્નાઈ સાથે જોડાય છે. આ જ કેબલ ભારતને અખાતી દેશો, યુરોપ અને આફ્રિકા સાથે જોડે છે. ભારતની મોટી ટેલિકોમ કંપનીઓ જેવી કે એરટેલ અને જિઓ પણ આ જ નેટવર્ક સાથે જોડાયેલી છે. એવામાં જો આ દરિયાઈ રસ્તા પર કોઈ અવરોધ આવે છે, ફી વધે છે અથવા કેબલને નુકસાન પહોંચે છે, તો તેની સીધી અસર ભારતના સામાન્ય નાગરિકો પર પડશે.

20-05-2026_NewsEye_116__2

**તંત્રી સ્થાનેથી**

## વિદેશી હૂંડિયામણ બચાવવાનો પડકાર

અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધને કારણે અઢી મહિનાથી હોર્મુઝ સી રૂટ અવરોધિત થવાને કારણે વિશ્વમાં જે ગેસ અને તેલ સંકટ ઉભું થયું છે તે ચાલુ છે. આની અસર ભારત સહિત સમગ્ર વિશ્વ પર પડી છે. ભારતને હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા તેલ અને ગેસનો મોટો પુરવઠો મળતો હતો. છેલ્લા અઢી મહિનામાં આ પુરવઠો નોંધપાત્ર રીતે ઘટ્યો છે. તેલ અને ગેસ વહન કરતા કેટલાક જહાજો કોઈક રીતે સામુદ્રધુની પાર કરીને ભારત પાછા ફરવામાં સક્ષમ છે. એ અલગ વાત છે કે ભારતે હજુ સુધી ગંભીર પેટ્રોલિયમ કટોકટીનો સામનો કર્યો નથી. વૈશ્વિક તેલ અને ગેસ પડકારનો અસરકારક રીતે સામનો કરવા બદલ ભારત સરકાર પ્રશંસાને પાત્ર છે. જ્યારે ઘણા દેશોએ હોર્મુઝ સામુદ્રધુની અવરોધિત થયાના થોડા દિવસો પછી જ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કર્યો હતો, ત્યારે ભારતે લગભગ ૭૫ દિવસ પછી ભાવમાં વધારો કર્યો હતો, અને તે પણ અન્ય દેશો કરતા ઘણા ઓછા દરે. આ જરૂરી હતું કારણ કે તેલ કંપનીઓનું નુકસાન વધી રહ્યું હતું. જ્યારે પણ કોઈપણ વસ્તુની વૈશ્વિક અછત હોય છે, ત્યારે તેના ભાવમાં વધારો થાય છે. જો પશ્ચિમ એશિયાની કટોકટીનો ઉકેલ નહીં આવે, તો પેટ્રોલિયમના ભાવ વધુ વધી શકે છે, જેનાથી આયાત બિલમાં વધારો થઈ શકે છે. આને ધ્યાનમાં રાખીને, વડા પ્રધાન મોદીએ તાજેતરમાં ભારતીયોને પેટ્રોલ અને ડીઝલ બચાવવા, વિદેશ મુસાફરી ઘટાડવા, ઘરેથી કામ કરવા અને ઓછામાં ઓછા એક વર્ષ સુધી સોનું ખરીદવાનું ટાળવાની અપીલ કરી હતી. દરેક વ્યક્તિ જાણે છે કે સામાન્ય ભારતીયો સલામત રોકાણ તરીકે સોનું ખરીદવાને પ્રાથમિકતા આપે છે. હાલમાં, ભારતીયો વિશ્વના કોઈપણ દેશમાં સૌથી વધુ સોનું ધરાવે છે. એક અંદાજ મુજબ, ભારતીય ઘરોમાં આશરે ૪૦,૦૦૦ ટન સોનું સંગ્રહિત છે. ભારત ખૂબ ઓછું સોનું ઉત્પન્ન કરે છે, તેથી તેની આયાત કરવામાં આવે છે. ગયા વર્ષે, ભારતે આશરે ઈ૭૨ બિલિયન મૂલ્યનું સોનું ખરીદ્યું હતું. ડોલર સામે રૂપિયાના નબળા પડવાથી સોનાની આયાત માટે વિદેશી હૂંડિયામણના વપરાશમાં નોંધપાત્ર વધારો થયો છે. બહુ ઓછા ભારતીયો ભંડોળ મેળવવા માટે બેંકોમાં પોતાનું સોનું ગીરવે મૂકે છે, તેથી તે એક મૃત રોકાણ રહ્યું છે. ભારતીયોમાં સોનું ખરીદવા અને ઘરે સંગ્રહ કરવાની ઇચ્છા બેંકિંગ સિસ્ટમ અને શેરબજારમાં વિશ્વાસના અભાવને કારણે હોવાનું માનવામાં આવે છે. એ પણ નિર્વિવાદ છે કે ઘણા લોકો તેમના ગેરકાયદેસર રીતે મેળવેલા નફાનું રોકાણ સોનામાં કરે છે. ભારતમાં સામાન્ય જનતાને સોના પ્રત્યે ખાસ આકર્ષણ હોવાથી, સરકારે બેંકિંગ સિસ્ટમમાં જાહેર વિશ્વાસના અભાવ અને શેરબજારમાં રોકાણ પાછળના કારણો પર વિચાર કરવો જોઈએ.

# મમતા રાજમાં કરોડો લોકોને અપાયેલા સર્ટિફિકેટની તપાસ થશે



નવીદિલ્હીઃ પશ્ચિમ બંગાળની ભાજપ સરકારે હવે મમતા સરકારની ગેરરીતિઓ શોધવાની શરૂ કરી છે. શુભેંદુ અધિકારીની સરકારે તમામ જિલ્લા અધિકારીઓને સૂચના આપી છે કે, ૨૦૧૧થી અત્યાર સુધી આપવામાં આવેલા ૧.૬૯ કરોડ એસસી, એસટી અને ઓબીસી પ્રમાણપત્રોની તપાસ કરવામાં આવે. એમ મનાય છે કે, કેટલાક લોકોને બોગસ સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા. આ બાબતની ફરિયાદ પણ વારંવાર થતી હતી. બેકવર્ડ કલાસીસ વેલફેર વિભાગના સેક્રેટરી દ્વારા સૂચના જારી કરવામાં આવી છે. આ સૂચનામાં કહેવામાં આવ્યું છે કે અપાયેલા સર્ટિફિકેટમાંથી મોટા ભાગના બોગસ હોવાની માહિતી છે. આ બાબતે તપાસ કરીને માહિતી આપવામાં આવે. એક અધિકારીના કહેવા પ્રમાણે અપાત્ર લોકોને જાતી પ્રમાણપત્ર આપવાનો સીલસીલો ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણી પહેલા શરૂ થયો હતો. સીજેઆઇ સૂર્યકાંતએ સુપ્રિમ કોર્ટમાં તીખી ટીપ્પણી કરી હતી. એમણે કહ્યું હતું કે બેરોજગાર યુવાનો, સોશ્યલ મીડિયા યુઝર્સ, આરટીઆઇ કાર્યકર્તાઓ અને અન્ય કાર્યકરો વાંદા જેવા બની જાય છે અને પછી વ્યવસ્થા પર હુમલો કરવાનું શરૂ કરી દે છે. એક વકીલે પોતાને સિનિયર એડવોકેટનો દરજ્જો આપવા માટે ભલામણ કરી ત્યારે સીજેઆઇએ આ ટીપ્પણી કરી હતી. વકીલે જે રીતે આક્રમક વલણ અપનાવ્યું હતું એ સુપ્રિમ કોર્ટને પસંદ આવ્યું નહોતું. વકીલ જે ભાષાનો ઉપયોગ ફેસબુક પર કરતા હતા એ બાબતે પણ કોર્ટે નારાજગી બતાવી હતી. બેંચે અરજી કરનારને કહ્યુ હતું કે સમગ્ર દુનિયા સિનિયર વકીલ બનવા માટે યોગ્ય હોઈ શકે છે, પરંતુ તમે આ માટે અયોગ્ય છો. સીજેઆઈનું આ કડક વલણ સુપ્રિમ કોર્ટના કેટલાક વકીલોને ખાસ પસંદ આવ્યું નહોતું. ખાસ કરીને અરજી કરનારને વાંદા સાથે સરખાવવામાં આવ્યા એ એમને ગમ્યું નહોતું. "અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ત્રણ દિવસની ચીન યાત્રાએ ગયા હતા. ડોનાલ્ડ ટ્રમ્પે ચીનની યાત્રામાં જઈને કઈ ઉકાળ્યું નહોતુ. કંઈ મેળવ્યા વગર ટ્રમ્પ પાછા અમેરિકા પહોંચી ગયા હતા. જોકે ટ્રમ્પે તો આ યાત્રાને સફળ ગણાવી, પરંતુ જાણકારો એમની સાથે સહમત નથી. ટ્રમ્પ બિજિંગથી પાછા ફર્યા ત્યારે એરપોર્ટ પર બનેલી એક ઘટનાએ બધાનું ધ્યાન ખેંચ્યું હતું. અમેરિકા પાછા ફરતા પહેલા એરફોર્સ - ૧ વિમાનમાં બેસતા પહેલા વ્હાઈટ હાઉસ સ્ટાફે ચીની અધિકારીઓએ આપેલી ભેટ સામગ્રી ભેગી કરીને નષ્ટ કરી દીધા પછી ફેંકી દીધી હતી. અમેરિકાના અધિકારીઓ આ ક્રિયાને સુરક્ષા માટે લીધેલું પગલુ ગણાવે છે. એમ કહેવાય છે કે ચીન સાથે જોડાયેલી કોઈપણ વસ્તુ એરફોર્સ - ૧માં લઈ જવાની પરવાનગી હોતી નથી. એઆઇએમઆઇએમના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ મધ્યપ્રદેશ હાઈકોર્ટનો ચુકાદો ગમ્યો નથી. ધાર જિલ્લામાં આવેલી ભોજશાલા બાબતે હાઈકોર્ટે ચૂકાદો આપ્યો હતો કે અહીં હિન્દુ મંદિર હતું અને હિન્દુઓને પૂજા કરવાની પરવાનગી આપવામાં આવે છે. ઓવૈસીએ આ ચૂકાદાની ટીકા કરી છે. જોકે દેશભરના હિન્દુ સંગઠનોએ આ ચૂકાદાને વધાવી લીધો છે અને તેઓ મુસ્લિમ સંગઠનોને વિનવણી કરી રહ્યા છે કે હાઈકોર્ટના ચુકાદા સામે સુપ્રિમ કોર્ટમાં અપીલ કરે નહીં. બીજી તરફ ઓવૈસીએ પોતાનો એજન્ડા સેટ કરવાનો છે. એમના કહેવા પ્રમાણે આ ચૂકાદો બંધારણ વિરુદ્ધ છે. એમને આશા છે કે સુપ્રિમ કોર્ટ આ ચુકાદો માન્ય રાખશે નહીં. આ બાબતે એમણે સોશ્યલ મીડિયામાં પણ લખ્યું છે. એમણે આ ચુકાદાને બાબરી મસ્જિદના ચુકાદા સાથે સરખાવ્યો છે. "તામિલનાડુમાં ફિલ્મસ્ટાર સફળ રાજકારણી બની શકે એની નવાઈ નથી. તામિલ ફિલ્મસ્ટાર સફળ થયા પછી એની નજર રાજકારણ તરફ હોય છે. તામિલ ફિલ્મ અભિનેતા રજનીકાંત અને કમલ હાસન પણ પોતાના વિચારોને સ્પષ્ટતાથી રજુ કરી શકે છે. એક જમાનામાં રજનીકાંત વિશે મનાતુ હતુ કે તેઓ કદાચ ભાજપ સાથે જોડાશે. કમલ હાસને તો પોતાનો પક્ષ પણ સ્થાપ્યો હતો. જોકે આ બંને મોટા સ્ટાર હોવા છતાં રાજકારણમાં નામ કાઢી શક્યા નહીં. બીજા અભિનેતા વિજય કાંતે પણ રાજકારણમાં પ્રવેશ કર્યો હતો અને ૨૦૧૧ની ચૂંટણીમાં એઆઈડીએમકે સાથે જોડાણ કર્યું હતું. પરંતુ તેમનો પક્ષ જીતી શક્યો નહોતો. રજનીકાંત અને કમલ હાસન વારંવાર પોતાના રાજકીય વિચારો વ્યક્ત કરતા રહે છે રજનીકાંત જમણેરી વિચારધારાના છે જ્યારે કમલા હસન ડાબેરી વિચારધારા ધરાવે છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણી પહેલા ભાજપએ સોનિયા ગાંધીના જમાઈ અને પ્રિયંકા ગાંધી - વાડ્રાના પતિ રોબર્ટ વાડ્રા પર ગંભીર આક્ષેપો કરતી પુસ્તિકા બહાર પાડી હતી. લોકોને હતુ કે સત્તા પર આવ્યા પછી ભાજપ રોબર્ટ વાડ્રા સામે તપાસ કરીને પગલા લેશે. કેટલાક તો એમ પણ માનતા હતા કે રોબર્ટ વાડ્રા જેલમાં ગયા જ સમજો. જોકે હવે રોબર્ટ વાડ્રાને એક પછી એક કેસમાંથી રાહત મળતી જાય છે. શીકોહપુર જમીન ખરીદી સાથે જ જોડાયેલા મની લોન્ડરીંગ કેસમાં દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે હવે રોવર્ટ વાડ્રાને જામીન આપ્યા છે. જામીન મળ્યા પછી વાડ્રાએ કહ્યું હતું કે, 'મને દેશની ન્યાય વ્યવસ્થા પર પુરો ભરોસો છે. મને ખબર છે કે ઈડીને સરકાર ચલાવે છે અને ઈડી સરકારના ઈશારે કામ કરે છે. મને કોઈ વાતનો ડર નથી કારણ કે મે છૂપાવવા જેવું કંઈ કર્યું નથી.'"સપાના નેતા આઝમ ખાનની મુશ્કેલી ઓછી થતી નથી. એક જમાનામાં જ્યારે મુલાયમ સિંહ યાદવ અને અખિલેશ યાદવ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી હતા ત્યારે આઝમ ખાનનો વટ હતો. બેફામ વાણીવિલાસ કરવા માટે આઝમ ખાન કુખ્યાત હતા. તત્કાલીન ડીએમ પર બદનક્ષીકારક ટીપ્પણી કરવા માટે રામપુરની કોર્ટે આઝમ ખાનને બે વર્ષની કેદ અને ૨૦,૦૦૦ રૂપિયાના દંડની સજા કરી છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણી વખતે ભોટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આરોપ હતો કે ચૂંટણી પ્રચાર દરમિયાન આઝમ ખાને તત્કાલીન ડીએમ વિશે વિકૃત ટીપ્પણી કરી હતી. પોલીસે ફરિયાદ કર્યા બાદ ચાર્જશીટ દાખલ કરી હતી. બે પેનકાર્ડ રાખવા માટે આઝમ ખાન અને એમના પુત્ર અબ્દુલ્લા આઝમને સજા થઈ ચૂકી છે.

### શિક્ષણ મંત્રી સામે વિશેષાધિકાર ભંગની નોટિસ

# નીટ-યુજી પેપર લીક કેસમાં સંસદીય સમિતિનું એનટીએના અધ્યક્ષને તેડું

**એનટીએના ચેરપર્સન પ્રદીપકુમાર જોશી અને અન્ય અધિકારીઓને સંસદીય સમિતિએ ૨૧મી મેએ હાજર થવા આદેશ**

નવી દિલ્હી, દેશભરના ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓની કારકિર્દી સાથે ગંભીર ચેડાં કરનારા નીટ-યુજી, ૨૦૨૬ પેપર લીક કેસ બાદ આ પરીક્ષાનું સંચાલન કરતી નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)ની કામગીરી અને ક્ષમતા અંગે દેશભરમાંથી સવાલો ઉઠી રહ્યાં છે. એનટીએની કામગીરી અને તેમાં વિવિધ સુધારાઓનો અમલ કરવા ઉપરાંત પેપર લીક કેસની સમીક્ષા માટે એનટીએના ચેરપર્સન પ્રદીપકુમાર જોશી અને અન્ય અધિકારીઓને સંસદીય સમિતિએ ૨૧મી મેએ હાજર થવા આદેશ કર્યો છે.શિક્ષણ, મહિલા, બાળ, યુવા તથા રમત અંગેની સંસદની સ્ટેન્ડિંગ કમિટીના એજન્ડામાં, એનટીએમાં સુધારા માટે કે. રાધાકૃષ્ણન કમિટીના અહેવાલનો અમલ કરવા ઉપરાંત પેપર લીક કેસની તપાસ સહિતના મુદ્દાઓ સામેલ છે.કોંગ્રેસના નેતા દિગ્વિજય સિંહની અધ્યક્ષતાવાળી આ સમિતિએ ઉચ્ચ શિક્ષણ વિભાગના સચિવ વિનિત જોશી તથા એનટીએના ચેરપર્સન પ્રદીપકુમાર જોશીને આ મામલે મંત્રણા કરવા બોલાવ્યાં છે. સંસદીય સમિતિ શિક્ષણ પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ની અસર તથા વિદ્યાર્થીઓની રોજગારલક્ષી ક્ષમતામાં વધારો કરવા સહિતના મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે. સંસદની ગરિમાના કથિત હનન મામલે રાજ્યસભામાં કોંગ્રેસના મુખ્ય દંડક જયરામ રમેશે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન વિરુદ્ધ વિશેષાધિકારક ભંગની નોટિસ આપી છે. નીટ-યુજી ૨૦૨૬ પેપર લીક કેસ મામલે કરેલાં એક નિવેદનને પગલે પ્રધાન વિરુદ્ધ આ નોટિસ અપાઈ છે. રાજ્યસભાના અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણનને સોંપેલી આ નોટિસમાં રમેશએ આક્ષેપ કર્યો હતો કે, નીટ-યુજી પરીક્ષા પૂર્ણ થયાં બાદ યોજાયેલી એક પત્રકાર પરિષદમાં પ્રધાને સંસદીય સમિતિ વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરી હતી, જે સંસદની ગરિમાનું હનન છે. નીટ-યુજી પેપર લીક કેસમાં સીબીઆઈએ મહારાષ્ટ્રના લાતુરથી એક કોચિંગ ક્લાસના સ્થાપકની ધરપકડ કરી છે. સીબીઆઈની તપાસ દરમિયાન રેણુકાઈ કેમેસ્ટ્રી ક્લાસીસ નામના ક્લાસીસના સંચાલક શિવરાજ રઘુનાથ મોટેગાંવકરના મોબાઈલમાંથી લીક થયેલું પ્રશ્નપત્ર મળી આવ્યાં બાદ તેની ધરપકડ કરાઈ હતી. અધિકારીઓના જણાવ્યાં અનુસાર, મોટેગાંવકર પેપર લીક કૌભાંડની ગેંગનો સક્રિય સભ્ય હતો અને તે નીટ યુજીનું પેપર લીક કરવાના કૃત્યમાં સામેલ હતો. અધિકારીઓના જણાવ્યાં અનુસાર, પરીક્ષાના આશરે ૧૦ દિવસ અગાઉ મોટેગાંવકરને પેપર અને જવાબો મળી ગયાં હતાં. સીબીઆઈના આક્ષેપો અનુસાર, મોટેગાંવકરે કેટલાંક લોકોને લીક થયેલાં પ્રશ્નપત્રો અને જવાબોની હસ્તલિખિત નકલ પૂરી પાડી હતી, જેને પરીક્ષા પૂરી થયાં બાદ નષ્ટ કરી દેવાઈ હતી. આ કેસમાં અગાઉ પકડાયેલાં કેમેસ્ટ્રીના લેક્ચરર અને નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) સાથે સંકળાયેલા પી.વી. કુલકર્ણીનો તે નિકટનો સહયોગી હતો.

### સોના પપ્પુઃ જેના નામે ધ્રૂજતું હતું દક્ષિણ કોલકાતા

# કોલકાતા પોલીસ પણ જેનાથી ધ્રૂજતી હતી તે ડૉન સોના પપ્પુ જેલભેગા થયો

**જે બિલ્ડર ના પાડે, તેની સાઈટ પર બોમ્બમારો કરી કામ બંધ કરાવી દેવાતું હતું, જેનું ઉદાહરણ રવીન્દ્ર સરોવર વિસ્તારમાં થયેલો ભીષણ બોમ્બમારો છે**

પશ્ચિમ બંગાળ, પશ્ચિમ બંગાળના રાજકારણ અને અંડરવર્લ્ડના સૌથી ખતરનાક ચહેરા ગણાતા 'સોના પપ્પુ' ઉર્ફે બિસ્વજીત પોદ્દાર આખરે કાયદાના સિકંજામાં આવી ગયો છે. સોમવારે સાલ્ટલેક સ્થિત સીજીઓ કોમ્પ્લેક્સમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ના અધિકારીઓએ તેની સતત ૧૦ કલાક સુધી આકરી પૂછપરછ કરી હતી. યોગ્ય જવાબો ન મળતા અને નાણાકીય ગેરરીતિના ઠોસ પુરાવા મળતા મોડી રાત્રે તેની મની લોન્ડરિંગ અને જબરન વસૂલીના ગંભીર આરોપો હેઠળ ધરપકડ કરવામાં આવી છે.

કોલકાતાના કસબા, ગોલપાર્ક અને જાદવપુર જેવા પોશ વિસ્તારોમાં સોના પપ્પુનું નામ જ ખંડણી અને દહેશતનું બીજું નામ હતું. પોતાને એક સામાન્ય નાગરિક તરીકે રજૂ કરતા આ ડૉનનું અસલી સામ્રાજ્ય કિંમતી જમીનો પચાવી પાડવા, ગેરકાયદે વસૂલી અને હથિયારોના જોરે આતંક ફેલાવવા પર ટકેલું હતું. તેનો મુખ્ય ધંધો દક્ષિણ કોલકાતાની વિવાદિત અને મોંઘી મિલકતો પર નજર રાખવાનો હતો. તેના હથિયારધારી ગુંડાઓ મૂળ માલિકો અને બિન-નિવાસી ભારતીયો ને ડરાવી-ધમકાવીને નજીવી કિંમતે જમીનો પોતાના નામે લખાવી લેતા હતા.

આ ઉપરાંત, કોલકાતાના રિયલ એસ્ટેટ સેક્ટરમાં નવી ઈમારત બનાવવા માટે બિલ્ડરોએ તેના સિન્ડિકેટને કરોડો રૂપિયાની 'કટ મની' આપવી પડતી હતી. જે બિલ્ડર ના પાડે, તેની સાઈટ પર બોમ્બમારો કરી કામ બંધ કરાવી દેવાતું હતું, જેનું ઉદાહરણ રવીન્દ્ર સરોવર વિસ્તારમાં થયેલો ભીષણ બોમ્બમારો છે.

સોના પપ્પુની અસલી તાકાત તેની બંદૂકો નહીં, પણ TMCના ૧૫ વર્ષના શાસનમાં મળેલો રાજકીય આશ્રય હતો. EDના ખુલાસા મુજબ, કોલકાતા પોલીસના DC શાંતનુ સિંહા બિસ્વાસ (જે અગાઉ ઝસ્ના ક્ષેત્ર કાલીઘાટના પ્રભારી અને સત્તાના નજીકના હતા) આ સિન્ડિકેટના સક્રિય ભાગીદાર હતા. ડૉનની કાળી કમાણીનો મોટો હિસ્સો DC શાંતનુ સિંહા અને બિઝનેસમેન જય એસ. કામદાર સુધી પહોંચતો હતો.

આ ગઠજોડ એટલું મજબૂત હતું કે ઉચ્ચ સ્તરના દબાણના કારણે પોલીસ પીડિત બિલ્ડરોને ભગાડી દેતી અને સોના પપ્પુ સામે FIR પણ નોંધતી ન હતી.

જ્યારે કેન્દ્રીય એજન્સીઓ સોના પપ્પુને શોધવા માટે સતત દરોડા પાડી રહી હતી અને તેને ભગોડો જાહેર કરવામાં આવ્યો હતો, ત્યારે પણ તેનો અહંકાર ઓછો થયો ન હતો. તે કોલકાતાના જ કોઈ સુરક્ષિત અડ્ડા પર બેસીને ફેસબુક લાઈવ કરતો હતો અને ખુલ્લેઆમ કાયદાને પડકારતો હતો. તેને પૂરો ભરોસો હતો કે રાજ્યની સત્તા અને સ્થાનિક પોલીસના આશીર્વાદ હોવાથી કેન્દ્રીય એજન્સીઓ તેનું કંઈ બગાડી શકશે નહીં. EDએ મની લોન્ડરિંગ એંગલથી તપાસ કરી રવીન્દ્ર સરોવર બોમ્બ બ્લાસ્ટની નાણાકીય કડીઓ જોડી આખું નેટવર્ક પર્દાફાશ કર્યું હતું. સૌથી પહેલા ફાઈનાન્સર જય કામદારની ધરપકડ કરાઈ અને તેની કબૂલાતના આધારે DC શાંતનુ સિંહાના ઘરે ૧૫ કલાક દરોડા પાડી તેમને જેલભેગા કરાયા હતા. બંગાળમાં સત્તા બદલાતા અને પોલીસ કવચ હટતા જ લુકઆઉટ નોટિસના કારણે સોના પપ્પુ એકલો પડી ગયો હતો. શરૂઆતમાં મીડિયા સામે નિર્દોષ હોવાનો દાવો કરતો ડૉન, ED ઓફિસે બેંક ખાતા, બેનામી મિલકતો અને જેલમાં બંધ ઢઝના નિવેદનો સામે આવતા જ નિરુત્તર થઈ ગયો હતો. આ ધરપકડથી અબજોના સિન્ડિકેટ રાજનો અંત આવ્યો છે અને હવે તપાસની આંચ મોટા નેતાઓ સુધી પહોંચી શકે છે.

### માઈક્રોસોફટના એઆઈ ચીફ મુસ્તફા સુલેમાનની ચેતવણી

# ૧૮ મહિનામાં એઆઈને કારણે અનેક નોકરીઓ બદલાશે અથવા ઓટોમેટ થશે



કેલિફોર્નિયા, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ હવે માત્ર ચેટબોટ કે ડિજિટલ સહાયકની ભૂમિકા સુધી સીમિત નથી રહ્યું. વિશ્વની સૌથી મોટી ટેક કંપનીઓમાંની એક માઈક્રોસોફટના એઆઈ ચીફ મુસ્તફા સુલેમાને ચેતવણી આપી છે કે, આગામી ૧૨થી ૧૮ મહિનામાં અનેક વ્હાઇટ-કોલર નોકરીઓ એઆઈને કારણે સંપૂર્ણપણે બદલાઈ શકે છે અથવા ઓટોમેટ થઈ શકે છે.

સુલેમાને જણાવ્યું કે, કાયદા, એકાઉન્ટિંગ, માર્કેટિંગ, પ્રોજેક્ટ મેનેજમેન્ટ અને અન્ય કમ્પ્યુટર આધારિત ઓફિસ નોકરીઓ સૌથી વધુ જોખમ હેઠળ છે. એઆઈ હવે માત્ર સહાયક ના રહીને સંપૂર્ણ કામ સંભાળતી સિસ્ટમ તરફ આગળ વધી રહ્યું છે. કમ્પ્યુટર સામે બેસીને કરવામાં આવતી નોકરીઓ ૧૨થી ૧૮ મહિનામાં એઆઈ દ્વારા ઓટોમેટ થઈ શકે છે. એઆઈ ઝડપથી હ્યુમન-લેવલ પરફોર્મન્સ તરફ આગળ વધી રહ્યું છે. ભવિષ્યમાં વ્યક્તિગત જરૂરિયાત મુજબ અલગ એઆઈ મોડલ બનાવવું બ્લોગ લખવા જેટલું સરળ બની જશે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક મહિનાઓમાં મેટા, માઈક્રોસોફ્ટ સહિત અનેક મોટી ટેક કંપનીઓએ હજારો કર્મચારીઓની છટણી કરી છે. આ સાથે જ તેમણે એઆઈમાં અબજો ડોલરનું રોકાણ વધાર્યું છે. એઆઈને લઈને એન્થ્રોપિકના સીઈઓ સહિત અનેક ટેક દિગ્ગજોએ આગાહી કરી છે કે, એઆઈ આવનારા વર્ષોમાં લાખો વ્હાઈટ કોલર નોકરીઓને અસર કરી શકે છે.

### ગાઝાનો ઘણો હિસ્સો ઈઝરાયેલના નિયંત્રણ હેઠળ

# ૩ વર્ષમાં ઈઝરાયેલી સેનાએ મુસ્લિમ દેશોની ૧૦૦૦ ચોરસ કિમી જમીન પર કર્યો કબજો

નવી દિલ્હી, મિડલ ઈસ્ટ (મધ્ય પૂર્વ)માં ચાલી રહેલો તણાવ હવે ભૌગોલિક સરહદો બદલી રહ્યો છે. ૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ હમાસના હુમલા બાદ ઈઝરાયેલે પોતાની સૈન્ય વ્યૂહરચના સંપૂર્ણપણે બદલી નાખી છે. વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુની સરકાર હવે અત્યંત આક્રમક વલણ અપનાવી રહી છે. 'ફાઇનાન્સિયલ ટાઈમ્સ'ના એક અહેવાલ અનુસાર, છેલ્લા આશરે ત્રણ વર્ષમાં ઈઝરાયેલે ગાઝા, લેબનાન અને સીરિયાની લગભગ ૧,૦૦૦ ચોરસ કિમી જમીન પર પોતાનો અંકુશ મેળવી લીધો છે. આ વિસ્તાર ઈઝરાયેલની ૧૯૪૯ની સરહદોના લગભગ ૫ ટકા જેટલો થાય છે, જેના કારણે હવે મિડલ ઈસ્ટમાં 'ગ્રેટર ઈઝરાયેલ'ને લઈને ચર્ચા અને વિવાદો તેજ બન્યા છે. ઈઝરાયેલે કબજે કરેલી જમીનનો સૌથી મોટો હિસ્સો દક્ષિણ લેબનાનમાં છે, જ્યાં સેના સરહદથી ઘણા કિલોમીટર અંદર સુધી પહોંચી ગઈ છે. ઈઝરાયેલ આ વિસ્તારને 'સિક્યોરિટી ઝોન' ગણાવી રહ્યું છે, જેથી હિઝબુલ્લાહને સરહદ નજીક હુમલા કરતા રોકી શકાય. સંરક્ષણ પ્રધાન ઈઝરાયેલ કાત્ઝે સ્પષ્ટ કર્યું છે કે સેના લિતાની નદી સુધીના વિસ્તાર પર પોતાનું નિયંત્રણ જાળવી રાખવા માંગે છે. બીજી તરફ, ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલી સેના હવે અડધાથી વધુ હિસ્સા પર કબજો જમાવી ચૂકી છે. ત્યાં ઈઝરાયેલે એક વધારાનો બફર ઝોન પણ બનાવ્યો છે. સંયુક્ત રાષ્ટ્ર (દ્ર)ના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ સૈન્ય કાર્યવાહીના કારણે ગાઝાની લગભગ ૨૦ લાખની વસ્તી હવે માત્ર ૪૦ ટકા વિસ્તારમાં રહેવા મજબૂર બની છે. સરહદ નજીકના અનેક ગામો અને શહેરો સંપૂર્ણપણે ખંડેરમાં ફેરવાઈ ગયા છે.

### ટેસ્ટ અને વન-ડે ટીમમાં મળીને કુલ ૪ નવા ખેલાડીઓને તક અપાઈ

# અફઘાનિસ્તાન સામેની ટેસ્ટ, વન-ડે સિરીઝ માટે ટીમ ઈન્ડિયા જાહેર

**નવી દિલ્હી**, અફઘાનિસ્તાન સામેની આગામી ટેસ્ટ અને વન-ડે સિરીઝ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. પસંદગીકારોએ આ વખતે અનુભવી અને યુવા ખેલાડીઓ વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયાસ કર્યો છે. વન-ડે અને ટેસ્ટ બંને ટીમની કેપ્ટનશિપ શુભમન ગિલને સોંપાઈ છે. ટેસ્ટ અને વન-ડે ટીમમાં મળીને કુલ ૪ નવા ખેલાડીઓને તક અપાઈ છે. તેમાં એવા ખેલાડીઓ પણ સામેલ છે જેમનું આઈપીએલમાં પ્રદર્શન શાનદાર રહ્યું હતું. અફઘાનિસ્તાન સામેની આ સિરીઝમાં કુલ ૪ નવા ચહેરાને તક મળી છે, જેમાં માનવ સુથાર, ગુરનૂર બ્રાર, હર્ષ દુબે અને પ્રિન્સ યાદવ સામેલ છે. હર્ષ દુબે અને ગુરનૂર બ્રારનો ટેસ્ટ અને વન-ડે બંને ટીમમાં સમાવેશ કરાયો છે, જ્યારે પ્રિન્સ યાદવ માત્ર વન-ડે ટીમમાં છે. રિષભ પંતને વન-ડે સ્ક્વોડમાં સ્થાન મળ્યું નથી. રોહિત શર્મા અને હાર્દિક પંડ્યા ફિટનેસ ક્લિયર થયા બાદ વન-ડે સિરીઝમાં હશે. કે. એલ. રાહુલ જ વન-ડે સિરીઝમાં વિકેટ કીપિંગની જવાબદારી સંભાળશે. ટેસ્ટ અને વન-ડે બંને સિરીઝ માટે શુભમન ગિલ કેપ્ટનશિપ કરી રહ્યો છે.

ટેસ્ટમાં કેએ. એલ. રાહુલ વાઈસ કેપ્ટન રહેશે, જ્યારે રિષભ પંત પાસેથી વાઈસ કેપ્ટન પદ છીનવાઈ ગયું છે. યશસ્વી જયસ્વાલ, સાઈ સુદર્શન અને દેવદત્ત પડિક્કલ જેવા બેટ્સમેનો પર મોટી જવાબદારી રહેશે. વિકેટ કીપિંગની જવાબદારી રિષભ પંત અને ધ્રુવ જુરેલ સંભાળશે. ટેસ્ટમાં બોલિંગમાં મોહમ્મદ સિરાજ, પ્રસિધ કૃષ્ણા અને કુલદીપ યાદવ અનુભવી વિકલ્પો હશે, જ્યારે યુવા ખેલાડીઓને પણ પોતાની જાતને સાબિત કરવાની તક મળશે. અફઘાનિસ્તાન સામે ભારતની ટેસ્ટ સ્ક્વોડઃ શુભમન ગિલ (કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, કેએલ રાહુલ (વાઈસ કેપ્ટન), સાઈ સુદર્શન, ઋષભ પંત (વિકેટ કીપર), દેવદત્ત પડિક્કલ, નીતીશ કુમાર રેડ્ડી, વોશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ કૃષ્ણા, માનવ સુથાર, ગુરનૂર બ્રાર, હર્ષ દુબે, ધ્રુવ જુરેલ (વિકેટ કીપર).

અફઘાનિસ્તાન પ્રવાસ માટે ભારતની વન-ડે સ્ક્વોડઃ શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર (વાઈસ કેપ્ટન), કેએલ રાહુલ (વિકેટ કીપર), ઈશાન કિશન (વિકેટ કીપર), હાર્દિક પંડ્યા, નીતીશ કુમાર રેડ્ડી, વોશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, અર્શદીપ સિંહ, પ્રિન્સ યાદવ, પ્રસિદ્ધ કૃષ્ણા, ગુરનૂર બ્રાર, હર્ષ દુબે.

અફઘાનિસ્તાનનો ભારત પ્રવાસ (હોમ સિરીઝ)

૬ થી ૧૦ જૂનઃ એકમાત્ર ટેસ્ટ, મુલ્લાંપુર (ન્યૂ ચંદીગઢ)

૧૪ જૂનઃ પ્રથમ વનડે, ધર્મશાલા

૧૭ જૂનઃ બીજી વનડે, લખનઉ

૨૦ જૂનઃ ત્રીજી વનડે, ચેન્નઈ

### તમામ યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં સમસ્યા ઉકેલવાના તમામ પ્રયાસોને બંને દેશનું સમર્થન

# શસ્ત્રોથી કોઈ સમસ્યા નહીં ઉકેલાય, સંવાદ જરૂરીઃ ભારત-નોર્વેનો એક સૂર

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પાંચ દેશની મુલાકાત દરમિયાન સ્વીડન સાથે દ્વિપક્ષી સંબંધો સુદૃઢ બનાવવા સંયુક્ત એક્શન પ્લાન (૨૦૨૬-૩૦) જાહેર થયો હતો**



ઓસલો, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નોર્વેના વડાપ્રધાન જોનાસ ગર સ્ટોર વચ્ચે વિવિધ મુદ્દાઓ પર વાટાઘાટો દરમિયાન યુક્રેન અને પશ્ચિમ એશિયામાં તણાવને ઉકેલવા આહવાન થયું હતું. બંને દેશના નેતાઓએ એકસૂરે જણાવ્યું હતું કે, શસ્ત્રોથી કોઈ સમસ્યાનો ઉકેલ આવી શકે નહીં. સંવાદ અને રાજદ્વારી પ્રયાસો થકી સમાધાન શોધાવું જોઈએ. યુરોપીયન દેશો સાથે થયેલા ૧૦૦ અબજ ડોલરના કરારનું સ્મરણ કરી વડાપ્રધાન મોદીએ આ સમયને ભારત-યુરોપ સંબંધોનો સુવર્ણ યુગ ગણાવ્યો હતો.નોર્વે પ્રવાસ દરમિયાન વડાપ્રધાન મોદી અને સ્ટોર વચ્ચે ક્લીન એનર્જી, પર્યાવરણ જાળવણી, બ્લ્યૂ ઈકોનોમી, ગ્રીન શિપિંગ, ડિજિટલ ટેકનોલોજી, સ્પેસ અને આર્કટિક રીસર્ચ સહિત વિવિધ ક્ષેત્રોમાં સહકાર વધાવા મંત્રણા થઈ હતી. મંત્રણા બાદ એક નિવેદનમાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, નોર્વે અને ભારત બંને માને છે કે, કાયદા આધારિત વ્યવસ્થા જ હોવી જોઈએ અને સંવાદ-રાજદ્વારી પ્રયાસોને અગ્રતા મળવી જોઈએ. કોઈ પણ મુદ્દાને સૈન્ય ઘર્ષણથી ઉકેલી શકાય નહીં. યુક્રેન કે પશ્ચિમ એશિયા સહિત દરેક તણાવના ઉકેલમાં સહકાર આપવા માટે બંને દેશ કટિબદ્ધ છે. સંઘર્ષનો અંત લાવવા અને શાંતિ સ્થાપવાના દરેક પ્રયાસને બંને દેશનું સમર્થન છે. ભારત-નોર્વેના સંબંધો નવી ઊંચાઈએ પહોંચ્યા હોવાનું જણાવીને મોદીએ તેને ગ્રીન સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ગણાવ્યા હતા. ભારતની ઝડપ, ટેલેન્ટ અને સ્કેલની સાથે નોર્વેની ટેકનોલોજી અને કેપિટલના સમન્વયથીબંને દેશ પાર્ટનરશિપમાં ક્લીન એનર્જીથી માંડી ક્લાઈમેટ રેસિલિયન્સથી અને બ્લ્યૂ ઈકોનોમીથી માંડી ગ્રી શિપિંગ સુધીના ગ્લોબલ સોલ્યુશન્સ આપશે. ભારત-યુરોપના સંબંધો માટે વર્તમાન સમયને સુવર્ણ યુગ ગણાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, યુરોપના દેશો ભારતમાં ૧૦૦ અબજ ડોલરનું રોકાણ કરવાના છે. તેનાથી આગામી ૧૫ વર્ષમાં લાખો રોજગારીનું સર્જન થશે. ગત વર્ષે નોર્વે મુલાકાતનું આયોજન થયુ હતું, પરંતુ પહેલગામમાં આતંકવાદી હુમલાના પગલે આ મુલાકાત મોકૂફ રહી હતી. કપરા સમયમાં નોર્વેએ ભારતની સાથે રહી આતંકવાદનો વિરોધ કર્યો હતો અને મજબૂત મિત્રતા દર્શાવી હતી.વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પાંચ દેશની મુલાકાત દરમિયાન સ્વીડન સાથે દ્વિપક્ષી સંબંધો સુદૃઢ બનાવવા સંયુક્ત એક્શન પ્લાન (૨૦૨૬-૩૦) જાહેર થયો હતો. જેમાં નેક્સ્ટ જનરેશન ઈકોનોમિક પાર્ટનરશિપને ઈમર્જિંગ ટેકનોલોજી અને ટ્રસ્ટેડ કનેક્ટિવિટી સાથે આગળ વધારવા અને ઈન્ડિયા-સ્વીડન જોઈન્ટ ઈનોવેશન પાર્ટનરશિપ ૨.૦ શરૂ કરવા સંમતિ સધાઈ હતી. તેમાં AI, 6G, ક્વોન્ટમ કમ્પ્યૂટિંગ, સ્પેસ અને લાઈફ સાયન્સ જેવા વિવિધ ક્ષેત્રો આવરી લેવાશે. બંને દેશે નક્કી કરેલા છ મુદ્દામાં રીન્યૂએબલ એનર્જી બેટરી-એનર્જી સ્ટોરેજ ક્ષેત્રે સાથે કામ કરવા અને ઈન્ડિયા-સ્વીડન ટેકનોલોજી એન્ડ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કોરિડોર સ્થાપવા સંમતિ સધાઈ હતી. ફ્યુચર ઓરિએન્ટેડ છ્રૂ પાર્ટનરશિપ સુદૃઢ બનાવવા અને સ્ટાર્ટ અપ રિસર્ચને પ્રોત્સાહન આપવા બંને દેશ સંમત થયા હતા. આગામી પાંચ વર્ષમાં દ્વિપક્ષી વેપાર બમણો કરવા અને મેક ઈન ઈન્ડિયા અભિયાનમાં રોકાણ કરવા સ્વીડને સંમતિ દર્શાવી હતી.

## USના સાન ડિએગીની મસ્જિદની બહાર અંધાધૂંધ ગોળીબારની ઘટનામાં ત્રણના મોત

**કેલિફોર્નિયા, યુનાઈટેડ સ્ટેટ્સમાં બંદૂક હિંસા અને નફરતના ગુના સાથે સંકળાયેલી એક ખૂબ જ ચિંતાજનક ઘટના પ્રકાશમાં આવી છે. સોમવારે, કેલિફોર્નિયાના સાન ડિએગો કાઉન્ટીમાં સ્થિત સૌથી મોટા ઈસ્લામિક સેન્ટરની બહાર બે સગીર વયના બંદૂકધારીઓએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો.આ ભયાનક હુમલામાં, એક સુરક્ષા ગાર્ડ સહિત ત્રણ લોકો ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા. ગુનો કર્યા પછી, બંને હુમલાખોરોએ નજીકની ગલીમાં પોતાને ગોળી મારીને આત્મહત્યા પણ કરી હતી. યુએસ ગુપ્તચર એજન્સી, એફબીઆઈ અને સ્થાનિક પોલીસ આ ઘટનાની તપાસ મુસ્લિમ સમુદાયને લક્ષ્ય બનાવતા "શંકાસ્પદ નફરતના ગુના" તરીકે કરી રહી છે.આંતરરાષ્ટ્રીય સમાચાર એજન્સી રોઈટર્સના જણાવ્યા અનુસાર, આ ઘટના બપોરે ૧૨:૦૦ વાગ્યા પહેલા બની હતી, જ્યારે લોકો મસ્જિદ સંકુલમાં હાજર હતા. અચાનક ગોળીબારના અવાજથી નમાજ પઢનારાઓ અને પરિસરની અંદર વર્ગોમાં ભણતા સ્કૂલના બાળકોમાં ચીસો અને અંધાધૂંધી ફેલાઈ ગઈ.**

### ગત વર્ષે પાકિસ્તાન અને સાઉદી વચ્ચે સંરક્ષણ સંધિ થઈ હતી

# પાકિસ્તાને યુદ્ધમાં ઝુકાવ્યુંઃ સાઉદીમાં સૈન્ય અને ફાઈટર જેટ્સ તૈનાત કર્યાં

**અમેરિકાના સૈન્ય મથકો સાઉદીમાં આવેલા છે અને યુએસ-સાઉદીની આ નિકટતાના પગલે જ ઈરાને સંખ્યાબંધ હુમલા કર્યાં**



ઈસ્લામાબાદ, ઈરાન-યુએસ યુદ્ધમાં મુખ્ય મધ્યસ્થી બની રહેલા પાકિસ્તાને અમેરિકાના ખાસ સાથી સાઉદી અરેબિયાની તરફેણમાં ઈરાન સામે મોરચો માંડ્યો છે. ઈરાનના હુમલાઓનો જવાબ આપવા પાકિસ્તાને સાઉદીમાં 8,000 સૈનિકો, ફાઈટર જેટ્સની સ્કવોડ્રન અને એર ડિફેન્સ સીસટમ તૈનાત કર્યા છે. પાકિસ્તાન અને સાઉદી વચ્ચે સંરક્ષણ સંધિ થયેલી હોવાથી પાકિસ્તાને સાઉદીનો પક્ષ લીધો છે. અમેરિકાના સૈન્ય મથકો સાઉદીમાં આવેલા છે અને યુએસ-સાઉદીની આ નિકટતાના પગલે જ ઈરાને સંખ્યાબંધ હુમલા કરેલા છે.ગત વર્ષે પાકિસ્તાન અને સાઉદી વચ્ચે સંરક્ષણ સંધિ થયેલી હતી. આ સંધિની તમામ શરતો બહાર આવી નથી, પરંતુ બંને દેશોએ કોઈ હુમલો થાય તો એકબીજાના બચાવમાં ઉતરવાના કરાર કરેલા હતા. પાકિસ્તાને આ સંધિ અન્વયે 16 જેટલા એરક્રાફ્ટ સાઉદીમાં તૈનાત કરેલા છે. જેમાં મુખ્યત્વે ચીનના સહકારથી વિકસાવવામાં આવેલા JF-17નો સમાવેશ થાય છે. પાકિસ્તાને આ ફાઈટર જેટ્સ એપ્રિલ મહિનામાં મોકલ્યા હતા. પાકિસ્તાન તરફથી સાઉદીમાં ડ્રોનની બે સ્કવોડ્રન અને 8,000 સૈનિકો પણ તૈનાત કરાયા છે. ચીનની HQ-9 એર ડિફેન્સ સીસ્ટમ પણ પાકિસ્તાને સાઉદીમાં મોકલી છે. પાકિસ્તાની સૈન્ય સાઉદીમાં ઈરાન સામે મોરચો માંડીને બેઠેલું છે અને બીજી બાજુ મધ્યસ્થી માટે પણ પ્રયાસ કરી રહ્યું છે. યુદ્ધની સ્થિતિમાં જરૂર પડ્યે પાકિસ્તાની સૈનિકો અને શસ્ત્રો ઈરાન પર હુમલા માટે પણ સજ્જ હોવાનું સૂત્રોએ જણાવ્યુ હતું.પહોંચી છે.

### ૨૦૧૮માં આ જ મામલે આપેલા ચુકાદાને ફેરવી તોળ્યો

# BCCI જાહેર સંસ્થા નથી, RTI હેઠળ આવે નહીંઃ સીઆઈસી

નવી દિલ્હી, ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઈ) રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ (આરટીઆઈ) હેઠળ આવતી જાહેર સંસ્થા નથી અને તેથી પારદર્શી કાયદા હેઠળ તે કોઈ પણ પ્રશ્ન માટે જવાબદેય નથી તેમ સેન્ટ્રલ ઈન્ફર્મેશન કમિશન (સીઆઈસી)એ સોમવારે જાહેર કર્યુ હતું અને ૨૦૧૮માં આ જ મામલે આપેલા ચુકાદાને ફેરવી તોળ્યો હતો.સીઆઈસીના કમિશનર પી આર રમેશે સોમવારે જણાવ્યું હતું કે ક્રિકેટ સંચાલનને સંકળાયેલી બાબતો અંગે મહત્વની અને જાહેર પ્રવૃત્તિ આદરતું હોવા ઉપરાંત ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતું હોવા છતાં તેને જાહેર સંસ્થા અને સત્તાવાળા તરીકે લઈ શકાય નહીં કેમ કે તે ના તો સરકાર દ્વારા કોઈ માલિકી, જવાબદારી કે આર્થિક બાબતો ધરાવતું નથી.વર્તમાન કેસની હકીકતો અને સંજોગોમાં બીસીસીઆઈને માહિતી અધિકાર કાયદાની કલમ ૨(૨) ના અર્થ અંતર્ગત 'જાહેર સત્તામંડળ' તરીકે વર્ગીકૃત કરી શકાય નહીં અને તેથી આ કાયદાની જોગવાઈઓ તેને લાગુ પડતી નથી. તેમ ઈન્ફર્મેશન કમિશનર પી આર રમેશે તેમના આદેશમાં જણાવ્યું હતું. તેમણે બીસીસીઆઈ કઈ જોગવાઈઓ અને સત્તા હેઠળ ભારતનું પ્રતિનિધિત્વ કરે છે તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ માટે ખેલાડીઓની પસંદગી કરે છે તે અંગેની માહિતી માંગતી અપીલને ફગાવી દેતા આમ જણાવ્યું હતું.આ ચુકાદો તત્કાલીન માહિતી કમિશનર અને જાણીતા કાયદાના પ્રોફેસર એમ. શ્રીધર આચાર્યલુના ૨૦૧૮ના આદેશને સંપૂર્ણપણે ઉલટાવે છે. જેમણે તે સમયે બીસીસીઆઈને જાહેર સત્તામંડળ ગણાવ્યું હતું અને તેના પ્રમુખ, સચિવ તથા વહીવટદારોની સમિતિને આરટીઆઈ કાયદા હેઠળ કેન્દ્રીય જાહેર માહિતી અધિકારીઓ, મદદનીશ જાહેર માહિતી અધિકારીઓ અને પ્રથમ અપીલ સત્તાધિકારીઓની નિમણૂક કરવાનો નિર્દેશ આપ્યો હતો. કેન્દ્રીય માહિતી આયોગ એ બીસીસીઆઈને કાયદાની કલમ ૪ હેઠળ સ્વતઃ માહિતી જાહેર કરવા અને આરટીઆઈ અરજદારને મુદ્દાસર જવાબો આપવાનો પણ નિર્દેશ આપ્યો હતો.જોકે બીસીસીઆઈએ ૨૦૧૮ના આ આદેશને મદ્રાસ હાઈકોર્ટમાં પડકાર્યો હતો. જેણે સપ્ટેમ્બર ૨૦૨૫માં, 'બીસીસીઆઈ વિરુદ્ધ ક્રિકેટ એસોસિયેશન ઓફ બિહાર' કેસમાં સુપ્રીમ કોર્ટના અવલોકનોને ધ્યાનમાં રાખીને પુનર્વિચારણા માટે આ મામલો સીઆઈસી ને પરત મોકલ્યો હતો અને જણાવ્યું હતું કે આયોગે કાનૂની સ્થિતિની પુનઃ તપાસ કરીને નવો આદેશ પસાર કરવો જોઈએ.આ મુદ્દાની ફરી સમીક્ષા કરતા સીઆઈસીએ જણાવ્યું હતું કે બીસીસીઆઈ તામિલનાડુ સોસાયટીઝ રજિસ્ટ્રેશન એક્ટ હેઠળ નોંધાયેલી એક ખાનગી સ્વાયત્ત સંસ્થા છે, જેની સ્થાપના બંધારણ, સંસદ, રાજ્ય વિધાનસભા અથવા સરકારી જાહેરનામા દ્વારા કરવામાં આવી નથી. આયોગે જણાવ્યું કે આ ક્રિકેટ સંસ્થા મીડિયા રાઈટ્સ (પ્રસારણ હકો), સ્પોન્સરશિપ ડીલ્સ, ટિકિટ વેચાણ, બ્રોડકાસ્ટિંગ કરારો અને વ્યાવસાયિક ક્રિકેટ કામગીરીમાંથી મેળવેલી આવક દ્વારા સ્વતંત્ર રીતે કામ કરે છે.

## જામીન એ કાયદો છે અને જેલ એ અપવાદ છેઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, ભારતીય ન્યાયસંહિતામાં 'જામીન એ કાયદો છે અને જેલ એ અપવાદ છે'ના વિચારને માત્ર ખોખરુ સૂત્ર નહીં સમજવા સુપ્રીમ કોર્ટે ભારપૂર્વક તાકિદ કરી હતી. અગાઉ ૫ જાન્યુઆરીના રોજ UAPA હેઠળ નોંધાયેલા કેસમાં અપાયેલા ચુકાદામાં સુપ્રીમ કોર્ટે ૨૦૨૦ દિલ્હી રમખાણ ષડયંત્ર કેસના આરોપીઓ એક્ટિવિસ્ટ ઉમર ખાલિદ અને શેરજિલ ઈમામને જામીન નામંજૂર કરાયા હતા. સુપ્રીમ કોર્ટે પોતાના જ આ ચુકાદા સામે સવાલ ઊઠાવ્યા હતા અને એક વર્ષ બાદ સંરક્ષિત સાક્ષીની તપાસની પ્રક્રિયા બાદ નવેસરથી જામીન અરજી કરવા છૂટ આપી હતી. જસ્ટિસ બી વી નાગરત્ન અને ઉજ્જલ ભુયાનની બેન્ચે નાર્કો ટેરર કેસના આરોપી જમ્મુ-કાશ્મીરમાં હંદવારાના રહીશ સૈયદ ઈફ્તિખાર અંદરાબીની જામીન ગ્રાહ્ય રાખ્યા હતા. એનઆઈએ દ્વારા નાર્કો ટેરર કેસમાં ઈફ્તિખારની ધરપકડ કરવામાં આવી હતી. જામીન ગ્રાહ્ય રાખવાની સાથે સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું હતું કે, સર્વોચ્ચ અદાલતની અન્ય બેન્ચે સ્વીકારેલા તર્કની સામે ગંભીર વાંધો છે. ૫ જાન્યુઆરીના રોજ જસ્ટિસ અરવિંદ કુમાર અને જસ્ટિસ એન વી અંજારિયાની બેન્ચે ખાલિદ તથા ઈમામના જામીન ફગાવી દીધા હતા. જેના કારણે એક વર્ષ સુધી જામીન માગવાનો અધિકાર રહેતો ન હતો.જસ્ટિસ ભુયાને અગાઉ ૫ જાન્યુઆરીના રોજ અપાયેલા ચુકાદાના વિવિધ પાસાની ટીકા કરી હતી. તેમણે નોંધ્યુ હતું કે, ગુલફિશા ફાતિમા કેસમાં અપાયેલા ચુકાદામાં નજીબને માત્ર અપવાદ ગણવો જોઈએ.

## બ્રહ્મસમાજ પર નિવેદન બદલ અનુરાગ સામે પોલીસ ફરિયાદ

મુંબઈ, ફિલ્મમેકર અનુરાગ કશ્યપે બ્રહ્મસમાજ વિશે સોશિયલ મીડિયા પર કરેલાં કથિત નિવેદનોને લઈને કાનુની મુશ્કેલીમાં ફસાયા છે. સુરતની એક અદાલતે પોલીસને તેના વિરુદ્ધ એફઆઈઆર નોંધવાનો આદેશ આપ્યો છે.શનિવારે જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ એ. એસ. જાનીની અદાલતે આ આદેશ આપ્યો હતો. આ મામલે વકીલ અને વિશ્વ હિંદુ પરિષદના નેતા કમલેશ રાવલે ખાનગી ફરિયાદ દાખલ કરી હતી. અહેવાલો અનુસાર, અદાલતે નોંધ્યું કે ફિલ્મમેકરની પોસ્ટ્સથી એક ખાસ સમુદાયની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચ્યું હોવાની અને સામાજિક તણાવ ઊભો થવાની શક્યતા અંગે તપાસ કરવા પૂરતા આધાર દેખાય છે.અદાલતે પોતાના આદેશમાં સત્તાધીશોને વિવિધ જુથો વચ્ચે વેરભાવ ફેલાવવો, જાહેર શાંતિનો ભંગ કરવાનો, ઈરાદાપૂર્વક અપમાન કરવું અને કથિત રીતે ભ્રામક માહિતી પ્રસારિત કરવા સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવાનો નિર્દેશ આપ્યો છે. ફરિયાદી કમલેશ રાવલે આરોપ મુક્યો કે અનુરાગ કશ્યપે એક્સ પર કરેલી પોસ્ટ્સમાં બ્રાહ્મણો વિરુદ્ધ વાંધાજનક નિવેદનો કર્યાં હતાં. ફરિયાદ મુજબ, આ વિવાદ ગયા વર્ષે એપ્રિલમાં હિન્દી ફિલ્મ 'ફુલે'ના ટ્રેઈલર લોન્ચ અંગે થયેલી ટીકા પર ફિલ્મમેકરની પ્રતિક્રિયા બાદ શરૂ થયો હતો. ફરિયાદમાં દાવો કરવામાં આવ્યો કે અનુરાગ કશ્યપે વાંધાજનક નિવેદનો તો કર્યા જ હતાં, સાથે જ સોશિયલ મીડિયા પર તેના વિચારોનો વિરોધ કરનારાઓને જવાબ આપતી વખતે પણ સતત આવાં નિવેદનો ચાલુ રાખ્યાં હતાં. વધુમાં એવો આરોપ છે કે આ પોસ્ટ્સે સમગ્ર બ્રહ્મસમાજનું અપમાન કર્યુ અને વિવિધ સામાજિક જૂથો વચ્ચે વિભાજન ઊભું કરવાની કોશિશ કરી હતી. અદાલતમાં રજૂ કરાયેલી ફરિયાદમાં કમલેશ રાવલે દલીલ કરી કે અનુરાગ કશ્યપ જેવા જાહેર જીવનના લોકો સિનેમા અને મનોરંજન ક્ષેત્રમાં તેમના પ્રભાવને કારણે લોકો પર મોટી અસર ધરાવે છે. ફરિયાદમાં જણાવાયું કે અભિનેતાઓ અને ફિલ્મમેકર્સને વિવિધ વયજૂથનાં લોકો અનુસરે છે, જેના કારણે તેમના જાહેર નિવેદનોની અસર વ્યાપક બને છે.

## અમેરિકાએ અદાણી સામેના આરોપ પડતા મુક્યા, તમામ કેસ બંધ કરાયા

વોશિંગ્ટન, અમેરિકાના જસ્ટિસ વિભાગે ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને તેમના ભત્રિજા સાગર સામેના તમામ આરોપોને પડતા મુક્યા છે આ સાથે જ અદાણી સામે જે કેસ ચાલી રહ્યો હતો તેને બંધ કરી દેવામાં આવ્યો છે. અદાણી અને અમેરિકન પ્રશાસન વચ્ચે સમજૂતી બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. મામલાના નિકાલ માટે અદાણી અમેરિકાને ૨૭.૫ કરોડ ડોલર ચૂકવવા તૈયાર થઇ ગયા છે. અમેરિકાના ટ્રેજરી વિભાગ દ્વારા દાવો કરાયો હતો કે અદાણી એન્ટરપ્રાઇઝે દુબઇ સ્થિત એક ટ્રેડર પાસેથી એલપીજીની શિપમેન્ટ ખરીદી હતી, આ ગેસ ઓમાન કે ઇરાકથી સપ્લાય થયો હતો જોકે અમેરિકાનો દાવો હતો કે આ ગેસનો મુળ સ્રોત ઇરાન હતું. ઇરાન પાસેથી ગેસની ખરીદી અમેરિકી પ્રતિબંધ નીતિનું ઉલ્લંઘન હતું તેવો દાવો અમેરિકાએ કર્યો હતો. આ મામલામાં હવે અમેરિકા દ્વારા અદાણી સામે કોઇ જ કાર્યવાહી કરવામાં નહીં આવે. હાલમાં અમેરિકા દ્વારા અદાણી સામે કરાયેલા લગભગ તમામ કેસો પરત ખેંચી લેવાની કામગીરી ચાલી રહી છે.

### માલ પરિવહન અને સામાન્ય બજેટ પર સીધી અસર

# પાંચ દિવસમાં બીજી વખત પેટ્રોલ અને ડીઝલના ભાવમાં થયો વધારો

**મુંબઈમાં, પેટ્રોલનો ભાવ ૯૧ પૈસાના વધારા સાથે ૧૦૭.૫૯ પ્રતિ લિટર અને ડીઝલનો ભાવ ૯૪ પૈસાના વધારા સાથે ૯૪.૦૮ પ્રતિ લિટર થયો**

નવી દિલ્હી, દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફરી એકવાર નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. મંગળવારે, તેલ કંપનીઓએ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર આશરે ૯૦ પૈસાનો વધારો કર્યો હતો. સૌથી ચિંતાજનક બાબત એ છે કે ફક્ત એક અઠવાડિયામાં આ રીતે બીજી વખત ઈંધણના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે.પાંચ દિવસના સમયગાળામાં, ભાવમાં પ્રતિ લિટર આશરે ૪ રૂપિયાનો વધારો થયો છે. આ પહેલા ૧૫ મેના રોજ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો; તે સમયે બંને ઈંધણના ભાવમાં પ્રતિ લિટર ૩ રૂપિયાનો વધારો થયો હતો.દિલ્હીમાં, પેટ્રોલ હવે ૯૮.૬૪ પ્રતિ લિટર ૮૭ પૈસાના વધારા સાથે વેચાઈ રહ્યું છે જ્યારે ડીઝલનો ભાવ ૯૧.૫૮ પ્રતિ લિટર ૯૧ પૈસાના વધારા સાથે છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં, પેટ્રોલનો ભાવ ૯૭.૭૭ પ્રતિ લિટરથી વધીને ૯૮.૬૪ પ્રતિ લિટર થયો છે.મુંબઈમાં, પેટ્રોલનો ભાવ ૯૧ પૈસાના વધારા સાથે ૧૦૭.૫૯ પ્રતિ લિટર અને ડીઝલનો ભાવ ૯૪ પૈસાના વધારા સાથે ૯૪.૦૮ પ્રતિ લિટર થયો છે.કોલકાતામાં પેટ્રોલના ભાવમાં સૌથી મોટો વધારો જોવા મળ્યો, જે ૯૬ પૈસાના વધારા સાથે ૧૦૯.૭૦ પ્રતિ લિટર થયો છે; તે દરમિયાન, ડીઝલનો ભાવ ૯૪ પૈસાના વધારા સાથે ૯૬.૦૭ પ્રતિ લિટર થયો છે.ચેન્નાઈમાં, પેટ્રોલનો ભાવ ૮૨ પૈસા વધીને ૧૦૪.૪૯ પ્રતિ લિટર થયો છે, અને ડીઝલનો ભાવ ૮૬ પૈસા વધીને ૯૬.૧૧ પ્રતિ લિટર થયો છે.એક જ અઠવાડિયામાં ઈંધણના ભાવમાં આ સંચિત વધારો જે કુલ આશરે ૪ છે તેની સૌથી નોંધપાત્ર અને સીધી અસર માલ પરિવહન અને લોજિસ્ટિક્સ ક્ષેત્રો પર પડશે. જેમ જેમ ડીઝલ મોંઘુ થશે, તેમ તેમ દેશભરમાં આવશ્યક ચીજવસ્તુઓ, શાકભાજી, ફળો અને દૈનિક જરૂરિયાતની વસ્તુઓના પરિવહનનો ખર્ચ વધશે; પરિણામે, આગામી અઠવાડિયામાં છૂટક ફુગાવામાં ફરી એકવાર મોટો ઉછાળો જોવા મળી શકે છે.દિલ્હીમાં, પેટ્રોલ હવે ૯૮.૬૪ પ્રતિ લિટર ૮૭ પૈસાનો વધારો વેચાઈ રહ્યું છે જ્યારે ડીઝલનો ભાવ ૯૧.૫૮ પ્રતિ લિટર ૯૧ પૈસા વધીને ૯૭.૭૭ પ્રતિ લિટર ૯૮.૬૪ પ્રતિ લિટર થઈ ગયો છે. મુંબઈમાં, પેટ્રોલનો ભાવ ૯૧ પૈસા વધીને ૧૦૭.૫૯ થયો છે, જ્યારે ડીઝલનો ભાવ ૯૪ પૈસા વધીને ૯૪.૦૮ થયો છે.કોલકાતામાં પેટ્રોલના ભાવમાં સૌથી મોટો વધારો જોવા મળ્યો છે, જે ૯૬ પૈસા વધીને ૧૦૯.૭૦ પ્રતિ લિટર પર પહોંચ્યો છે; તે દરમિયાન, ડીઝલનો ભાવ ૯૪ પૈસા વધીને ૯૬.૦૭ પ્રતિ લિટર પર પહોંચ્યો છે.ચેન્નાઈમાં, પેટ્રોલનો ભાવ ૮૨ પૈસા વધીને ૧૦૪.૪૯ થયો છે, અને ડીઝલનો ભાવ ૮૬ પૈસા વધીને ૯૬.૧૧ પ્રતિ લિટર પર પહોંચ્યો છે.આ સંચિત વધારો એક જ અઠવાડિયામાં ઈંધણના ભાવમાં આશરે ૪ નો વધારો માલ પરિવહન અને લોજિસ્ટિક્સ ક્ષેત્રો પર સૌથી નોંધપાત્ર અને સીધી અસર કરશે. ડીઝલના વધતા ભાવથી દેશભરમાં આવશ્યક ચીજવસ્તુઓ, શાકભાજી, ફળો અને દૈનિક જરૂરિયાતો માટે પરિવહન ખર્ચમાં વધારો થશે; પરિણામે, આગામી અઠવાડિયામાં ફરી એકવાર છૂટક ફુગાવામાં મોટો ઉછાળો જોવા મળી શકે છે.

### મેજિક વેનમાં ૮ થી ૧૨ શ્રમજીવીઓ બેઠા હતા

# ઉત્તરપ્રદેશના લખીમપુરમાં પૂરપાટ વેન ટ્રકમાં ઘૂસી જતાં ૧૦નાં મોત

લખીમપુર, ઉત્તરપ્રદેશના લખીમપુર ખીરીમાં સોમવારે સવારે એક ભયાનક માર્ગ દુર્ઘટના થઈ. અહીંના બહરાઈચ રોડ પર ઉંચ ગામની પાસે પૂરઝડપે જઈ રહેલી પ્રવાસીઓથી ભરેલી એક મેજિક વેન ટ્રકમાં ઘૂસી જતાં વેનમાં બેઠેલા ૧૦ લોકોના મોત થયા, જ્યારે અન્ય ત્રણ ઘાયલ થયા, જેમને સારવાર માટે સાર્વજનિક સ્વાસ્થ્ય કેન્દ્રમાં દાખલ કરાયા છે.મેજિક વેનમાં ૮ થી ૧૨ લોકો બેઠા હતા. બે વાહનોની ટક્કર એટલી જોરદાર હતી કે આઠ જણનાં ઘટના સ્થળે મોત થયા, જ્યારે અન્ય ચાર વેન-પ્રવાસીઓ ગંભીરપણે ઘાયલ થયા. આમાંથી એક જણનું ઈલાજ દરમિયાન મોત થયું. આમ કુલ નવ લોકોના મોત થયા. મેજિક વેનમાં ૮ પુરૂષ, જ્યારે ચાર મહિલાસહ ૧૨ લોકો બેઠા હતા. બધા શ્રમજીવીઓ હતા, જેઓ મજૂરી-કામ માટે લખીમપુર ખીરી જઈ રહ્યા હતા. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે સ્થાનિક લોકોની મદદથી ઘાયલોને હોસ્પિટલમાં પહોંચાડયા. મૃતકોના શબને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલાવાઈ રહ્યા છે. આ માર્ગ-દુર્ઘટના એટલી ભયાનક હતી કે મેજિક વેનના ફૂરચા નીકળી ગયા. અકસ્માત થતાં જ વેનના પ્રવાસીઓમાં બૂમાબૂમ મચી ગઈ. આ જોઈ-સાંભળીને ભારે ભીડ જમા થઈ ગઈ. લોકોએ યેનકેન પ્રકારેણ મેજિક વેનમાં ફસાયેલા પ્રવાસીઓને બહાર કાઢ્યા, જે પૈકીના જખ્મીઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા.પોલીસ ટીમે ક્રેનની મદદથી મેજિક વેન તથા ટ્રકને હાઈવે પરથી ખસેડીને વાહનવ્યવહાર પુનઃ ચાલુ કરાવવાના પ્રયાસો પણ હાથ ધર્યા. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દુર્ઘટના બાબત દુઃખ વ્યક્ત કરીને સંબંધિત અધિકારીઓને ફોન પર ઘાયલોને યોગ્ય સારવાર પૂરી પાડવાની સૂચના આપી. દુર્ઘટનામાં ઘાયલ ત્રણ જણની સ્થિતિ ગંભીર છે. એમને વધુ સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

20-05-2026_NewsEye_116_3

# નવરંગપુરાની યુવતીની ૪થી વધુ ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી બદનામ કરવાનો પ્રયાસ

## આરોપીએ યુવતીના જ ફોટા અને નામનો ઉપયોગ કરીને પથી વધુ અલગ-અલગ ફેક આઈડી બનાવી દીધા હતા

(સમાચાર એજન્સી દ્વારા)અમદાવાદ, અમદાવાદના પોશ ગણાતા નવરંગપુરા વિસ્તારમાં રહેતી અને એક ખાનગી હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતી ૨૧ વર્ષીય યુવતી સાયબર ક્રાઈમ અને માનસિક પજવણીનો ભોગ બની છે. એક માથાભારે અજાણ્યા શખસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર આ યુવતીના નામ અને ફોટાનો દુરુપયોગ કરીને એક-બે નહીં, પરંતુ પથી વધુ ફેક એકાઉન્ટ (ફેક આઈડી) બનાવી તેને સોશિયલ મીડિયા પર બદનામ કરવાનો હીન પ્રયાસ કર્યો હતો. આ અંગે ભોગ બનનાર યુવતીએ અંતે કંટાળીને નવરંગપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદની વિગતો મુજબ, નવરંગપુરામાં રહેતી આ યુવતીએ થોડા દિવસો પહેલાં પોતાના મૂળ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક મોટિવેશનલ પોસ્ટ અને રીલ શેર કરી હતી. આ પોસ્ટ પર કોઈ અજાણ્યા શખસે એકસાથે અંદાજે ૧૫ જેટલી અણછાજતી અને ખોટી કોમેન્ટ્સ કરી હતી. યુવતીએ કંટાળીને આ તમામ કોમેન્ટ્સ ડિલીટ કરી નાખી હતી અને સાયબર ક્રાઈમમાં પોલીસ કાર્યવાહી કરવાની ચીમકી આપી હતી, જેને પગલે એ સમયે આરોપીએ પોતાનું આઈડી બંધ કરી દીધું હતું. જોકે, આ અદાવત રાખીને બીજા જ દિવસથી રોમિયોએ પજવણીનું નવું નેટવર્ક શરૂ કર્યું હતું.

આરોપીએ યુવતીના જ ફોટા અને નામનો ઉપયોગ કરીને પથી વધુ અલગ-અલગ ફેક આઈડી બનાવી દીધા હતા અને તેના પરથી યુવતીને જ ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલવા લાગ્યો હતો. આટલેથી ન અટકતા, આરોપીએ આ ફેક એકાઉન્ટ્સની ઈન્સ્ટા સ્ટોરીમાં યુવતીના વતન ગામના એક યુવકનો ફોટો મૂકીને તેના પર 'MY LOVE' એવું લખાણ લખીને વાઈરલ કર્યું હતું. આરોપી એટલી ચાલાકી વાપરતો હતો કે યુવતી પોતાના અસલી આઈડી પરથી જેવી આ ફેક સ્ટોરી જુએ કે તરત જ તે ફેક એકાઉન્ટને તુરંત ડીએક્ટિવેટ (બંધ) કરી દેતો હતો જેથી કોઈ પુરાવો ન રહે. આ ફેક આઈડીના માધ્યમથી અજાણ્યા શખસે યુવતીના ઈનબોક્સમાં આવીને અત્યંત ગંદી, અશ્લીલ અને અભદ્ર ભાષામાં વાતચીત કરવાનો અને માનસિક ટોર્ચર કરવાનો પ્રયાસ પણ કર્યો હતો. આ સતત ચાલતા માનસિક ત્રાસ અને બદનામીના ડરથી કંટાળીને અંતે નર્સ યુવતીએ નવરંગપુરા પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધ્યો હતો અને અજાણ્યા ઈસમ સામે આઈટી એક્ટ અંતર્ગત ગુનો દાખલ કરાવ્યો હતો. હાલમાં નવરંગપુરા પોલીસે આ મામલાને ગંભીરતાથી લઈને આ ફેક એકાઉન્ટ્સ કયા મોબાઈલ અને કયા આઈપી (IP) એડ્રેસ પરથી બનાવવામાં આવ્યા છે તેની વિગતો મેળવવા ટેકનિકલ એનાલિસિસ અને સાયબર સેલની મદદથી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# દાંડિયા બજાર ભાસ્કરવિઠ્ઠલ વાડામાં નજીવી બાબતે બે પક્ષો વચ્ચે ધીંગાણું

(સમાચાર એજન્સી દ્વારા)વડોદરા,૯ વડોદરાના મધ્ય વિસ્તાર ગણાતા દાંડિયા બજાર વિસ્તારમાં ભારે હંગામો મચી ગયો હતો. અહી આવેલા ભાસ્કરવિઠ્ઠલ વાડામાં નજીવી બાબતને લઈને બે પક્ષો આમને-સામને આવી ગયા હતા. સામાન્ય બોલાચાલી અને ઉગ્ર દલીલો જોતજોતામાં હિંસક ઝઘડામાં ફેરવાઈ ગઈ હતી અને બંને જૂથો વચ્ચે જોરદાર મારામારી થઈ હતી. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં થોડા સમય માટે નાસભાગ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ભાસ્કરવિઠ્ઠલ વાડામાં કોઈ તદ્દન સામાન્ય કે નજીવી બાબતે બે જૂથો વચ્ચે મામલો બિચક્યો હતો. ગુસ્સામાં આવી ગયેલા લોકોએ એકબીજા પર હુમલો કરી દીધો હતો. આ જૂથ અથડામણ અને લાકડી-મુક્કાબાજીની જોરદાર મારામારીમાં બંને પક્ષના કેટલાક લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. મારામારીની આ ઘટનામાં જે પણ લોકો લોહીલુહાણ કે ઈજાગ્રસ્ત થયા હતા, તેમને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યાં તબીબો દ્વારા તેઓની પ્રાથમિક સારવાર શરૂ કરી દેવામાં આવી છે. સદનસીબે આ ઘટનામાં કોઈ ગંભીર જાનહાનિના સમાચાર નથી. દાંડિયા બજાર જેવા સંવેદનશીલ વિસ્તારમાં હોબાળો થતાં જ ઘટનાની જાણ રાવપુરા પોલીસ સ્ટેશનને કરવામાં આવી હતી. રાવપુરા પોલીસનો કાફલો તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. પોલીસે વાતાવરણ શાંત રખાવીને બંને પક્ષોની ફરિયાદો લેવાની તજવીજ શરૂ કરી છે. આ મામલે રાવપુરા પોલીસે ગુનો નોંધી, હંગામો કરનારા તત્વોની અટકાયત કરવા સહિતની વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સરકાર પાસે માત્ર ભાષણોનું જ 'રિચાર્જ'!

# EV ઈન્ડેક્સમાં ગુજરાત છેક ૨૭મા ક્રમે ફસડાયું, ખુલી ગઈ પોલ

## ઈવી પોલિસીનો મોટાઉપાડે એલાન કરી દીધુ પણ સરકારે ઈવી વાહનોનું વધુ વેચાણ થાય તે માટે ઝાઝો રસ દાખવ્યો નહી

(સમાચાર એજન્સી દ્વારા)અમદાવાદ, પેટ્રોલ-ડીઝલના બેફામ ભાવવધારાથી સામાન્ય નાગરિકની કમર ભાંગી ગઈ છે, ત્યારે પ્રદૂષણ મુક્તિ માટે ઈલેક્ટ્રિક વાહનો અપનાવવાની ગુલબાંગો પોકારવામાં આવી રહી છે. ત્યારે સરકાર ગમે તેટલી ડિજિટલ પીપૂડી વગાડે, પરંતુ વાસ્તવિકતા એ છે કે, ઈન્ડિયા ઈલેક્ટ્રિક મોબિલિટી ઈન્ડેક્સ સૂચકાંકમાં સમગ્ર દેશમાં ગુજરાત છેક 16મા ક્રમાંકે ધકેલાઈ ગયું છે. વાહન ચાર્જિંગ પોઈન્ટ ઉપલબ્ધ કરાવવાની બાબતમાં રાજ્ય દેશમાં 22મા ક્રમે અને કોમર્શિયલ ઈલેક્ટ્રિક વાહનો અપનાવવામાં 27મા ક્રમે ફસડાયું છે. આ આંકડા સાબિત કરે છે કે સરકાર પાસે માત્ર ભાષણોનું જ રિચાર્જ છે, વાહનો ચાર્જ કરવાનું કોઈ ઠેકાણું નથી.ગુજરાતની EV પોલીસીની અમલવારીમાં પાંચ-પાંચ વર્ષ થયા છતાં કેવી અમલવારી કરી છે અને કેટલી ઈચ્છા શક્તિ છે તેની પોલ કેન્દ્ર સરકારના અહેવાલમાં જ ખુલ્લી પડી છે. ઈન્ડિયા ઈલેક્ટ્રિક મોબિલિટી ઈન્ડેક્સ સૂચકાંકમાં સમગ્ર દેશમાં ગુજરાત 16મા ક્રમાંકે છે. ઈલેક્ટ્રિક વાહનો ખરીદી અને કામગીરીને પ્રોત્સાહન મુદ્દે સૂચકાંકમાં ગુજરાતે 100માંથી 37 સ્કોર, રીસર્ચ અને ડેવલોપમેન્ટ સૂચકાંકમાં 46 સ્કોર, ઈવી ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ સૂચકાંકમાં 44 સ્કોર, ખાનગી ઈલેક્ટ્રિક વાહનો અપનાવાનો સૂચકાંકમાં 51 સ્કોર, કોમર્શિયલ ઈલેક્ટ્રિક વાહનો અપનાવાનો સૂચકાંકમાં માત્ર 5 સ્કોર મેળવ્યાં છે.ઈલેક્ટ્રિક વાહન ચાર્જિંગ પોઈન્ટ સૂચકાંકમાં 24 સ્કોર મેળવ્યો છે. એટલે કે ગુજરાત જેવા પ્રગતિશીલ રાજ્યમાં ઈલેક્ટ્રીક વાહનોની પ્રોત્સાહન, ખરીદી, વ્યવસ્થાતંત્રના વિકાસ-પ્રગતિમાં ગુજરાતનો 1થી 10 રાજ્યોમાં પણ સમાવેશ થતો નથી જે દર્શાવે છે કે, રાજ્ય સરકાર પર્યાવરણનાં સુધારણાને લઈને કેટલી ગંભીર છે તે બાબત ઉજાગર કરે છે. વર્ષ 2023માં 106, વર્ષ 2024માં 331, વર્ષ 2025માં 124 અને વર્ષ 2026 માર્ચ સુધીમાં 137 ઈલેક્ટ્રિક બસ નોંધાઈ છે. વર્ષ 2014-2021 સુધી છ વર્ષમાં ગુજરાતમાં માત્ર 7,923 વિદ્યાથીઓને ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર્સ જ્યારે 87 ઈલેક્ટ્રિક થ્રી-વ્હીલર રિક્ષાઓની સબસિડી અપાઈ છે. મોંઘા પેટ્રોલથી કંટાળીને જો કોઈ ઈલેક્ટ્રિક વાહન ખરીદી પણ લે, તો રસ્તા પર નીકળ્યા પછી તેને ચાર્જિંગ પોઈન્ટ શોધવા પડે તેમ છે. ગ્રીન એનર્જીના નામે મસમોટી જાહેરાતો પાછળ કરોડો રૂપિયાનું આંધણ કરતી સરકાર ઈવી વાહનોની માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં ઊંઘતી ઝડપાઈ છે. સરકારની આ નીતિગત નિષ્ફળતા સામે રાજકીય મોરચે આકરા પ્રહારો શરૂ થઈ ગયા છે. એવી માંગ ઉઠી છેકે, ઈલેક્ટ્રિક વાહનોના પ્રમોશન માટે માત્ર કાગળ પરની વાતો બંધ કરી જમીન પર સચોટ કામગીરી કરવામાં આવે. ઈલેક્ટ્રિક વાહનોની ખરીદી પર વિશેષ સબસિડી આપવામાં આવે.ઈવી પોલિસીનો મોટાઉપાડે એલાન કરી દીધુ પણ સરકારે ઈવી વાહનોનું વધુ વેચાણ થાય તે માટે ઝાઝો રસ દાખવ્યો નહી. એટલુ જ નહીં, સરકારે ટુ વ્હિલર પર 20 હજાર અને ફોર વ્હીલર પર 15 લાખ રૂપિયા સુધીની સબસીડી આપવાનું નક્કી કર્યુ હતું. પરંતુ વર્ષ 2024થી ઈવી ટુ વ્હિલર પર સીધી કેશ સબસિડી બંધ કરી દીધી છે, પરિણામે ઈવી વાહનોના વેચાણ પર અસર પહોંચી હતી. આ ઉપરાંત રાજ્ય સરકારે ઈવી વાહનો માટે ચાર્જિંગ સ્ટેશન સહિત અન્ય ઈનફ્રાસ્ટ્રકચરની સુવિધા પણ ઊભી કરી નહી. લાંબી મુસાફરીમાં ચાર્જિંગની સમસ્યાને લીધે લોકોએ ઈવી વાહનો ખરીદવાનું ટાળી રહ્યાં છે.

### વડોદરામાં ડ્રગ્સ નેટવર્ક પર પોલીસનો પ્રહાર

# ૧૦ કિલો હાઈબ્રીડ ગાંજાના કેસમાં વધુ બે શખસની ધરપકડ

(સમાચાર એજન્સી દ્વારા)વડોદરા, વડોદરા શહેરમાં નશાના કારોબારને નેસ્તનાબૂદ કરવા માટે પોલીસે કમર કસી છે. થોડા સમય પૂર્વે વડોદરા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી) દ્વારા ઝડપી પાડવામાં આવેલા ૧૦ કિલો સામાન્ય ગાંજા અને અત્યંત મોંઘા ગણાતા 'હાઈબ્રીડ ગાંજા'ના રેકેટમાં પોલીસે વધુ બે શખસોની ધરપકડ કરવામાં સફળતા મેળવી છે. મળતી માહિતી અનુસાર, આ હાઈપ્રોફાઈલ ડ્રગ્સ કેસની વિગત એવી છે કે, વડોદરા એસઓજીએ સૌપ્રથમ ગોરવા વિસ્તારમાં ગાંજાનું વેચાણ કરતા રાજેન્દ્ર બિંદ નામના શખસને ઝડપી પાડ્યો હતો. તેની સઘન પૂછપરછ દરમિયાન આ નેટવર્કમાં સામેલ અન્ય બે સાગરીતો અને મધ્ય પ્રદેશના રતલામથી ગાંજો સપ્લાય કરનારા મુખ્ય વચેટીયા મોહન નીનામાનું નામ ખુલ્યું હતું, જેથી પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને મોહનની પણ ધરપકડ કરી લીધી હતી.

પોલીસ કસ્ટડી દરમિયાન સપ્લાયર મોહન નીનામાએ ચોંકાવનારી કબૂલાત કરી હતી કે, મોહન ટ્રેન મારફતે ગાંજાનો જથ્થો વડોદરા લાવતો હતો અને અહીં આજવા રોડ પર રહેતા રિઝવાન દીવાન નામના ડ્રગ્સ પેડલરને પહોંચાડતો હતો. આ સગડ મળતા જ પોલીસે રિઝવાન દીવાનની પણ અટકાયત કરી હતી. પોલીસે આ સમગ્ર ઓપરેશન દરમિયાન ૧૦ કિલો સામાન્ય ગાંજો અને ૭૭ ગ્રામ કિંમતી હાઈબ્રીડ ગાંજો મળીને કુલ ૭ લાખ રૂપિયાથી વધુની કિંમતનો નશાનો જથ્થો જપ્ત કર્યો હતો.

પોલીસની ઊંડાણપૂર્વકની તપાસમાં સામે આવ્યું હતું કે, આ રેકેટમાં પકડાયેલો હાઈબ્રીડ ગાંજો જયેશ ઉર્ફે કાનો નીતિનસિંહ ચૌહાણ (રહે. અંબાલાલ પ્રજાપતિનું મકાન, સહયોગ સોસાયટી, સમા રોડ, વડોદરા) દ્વારા સપ્લાય કરવામાં આવ્યો હતો. એસઓજીએ બાતમીના આધારે જયેશ ઉર્ફે કાનાની પણ ધરપકડ કરી લીધી છે. હાલ પોલીસ એ દિશામાં તપાસ ચલાવી રહી છે કે જયેશ આ હાઈબ્રીડ ગાંજો ક્યાંથી અને કોની પાસેથી મેળવતો હતો. આગામી દિવસોમાં આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય મોટા માથાઓના નામ બહાર આવે તેવી પૂરેપૂરી શક્યતા છે.

# દ્વારકા નજીક ચાલુ કારમાં આગ લાગતાં પિતા-પુત્રી જીવતાં ભૂંજાયાં

ખંભાળિયા, દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના રણજીતપુર ગામ નજીક એક કાળજું કંપાવી દેનારી દુર્ઘટના સામે આવી છે. રણજીતપુર ગામથી માત્ર ૧ કિલોમીટર દૂર ચાલુ કારમાં અચાનક આગ લાગતા પિતા અને પુત્રીનું કારની અંદર જ જીવતા ભૂંજાઈ જવાથી કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. જ્યારે કારની પાછળની સીટ પર બેઠેલા માતાનો ચમત્કારિક રીતે આબાદ બચાવ થયો છે. તેમને સામાન્ય ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે.મળતી માહિતી મુજબ, રાજકોટમાં હોટલ વ્યવસાય સાથે સંકળાયેલો આહિર પરિવાર કલ્યાણપુરના રણજીતપુર ગામે એક ધાર્મિક પ્રસંગમાં હાજરી આપવા માટે આવ્યો હતો. પરિવારમાં ખુશીનો માહોલ હતો અને ધાર્મિક કાર્યક્રમ પૂર્ણ કરીને તેઓ અત્યંત આનંદ સાથે પોતાની કારમાં રાજકોટ પરત ફરી રહ્યા હતા. ત્યારે જ કારમાં અચાનક કોઈ અગમ્ય કારણોસર આગ ભભૂકી ઉઠી હતી અને આગળની સીટ પર સવાર પિતા વલ્લભભાઈ અને પુત્રી આગની લપેટમાં આવી ગયા હતા.કારમાં આગ લાગતા પાછળની સીટ પર બેસેલા માતા કારમાંથી બહાર નીકળી જવામાં સફળ રહ્યા હતા અને તેમનો જીવ બચી ગયો હતો. અકસ્માતમાં તેમને સામાન્ય ઈજા થતા સારવાર માટે નજીકની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. નજર સામે જ પતિ-પુત્રીને ગુમાવવાનો ઈજાગ્રસ્તને ઊંડો આઘાત લાગ્યો છે. ઘટના પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક પોલીસ તેમજ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયરની ટીમે ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં આખી કાર બળીને ખાખ થઈ ગઈ હતી.

### રૂપાલમાં હિજરતની ચીમકી, માઢીમાં વરઘોડો રોક્યો!

# ગુજરાતમાં દલિતો સાથે ભેદભાવની ત્રણ દિવસમાં ત્રણ ઘટના સામે આવી

**સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના રૂપાલ ગામમાં દલિત સમાજ પર થઈ રહેલા અત્યાચારનો મામલો ગરમાયો છે**




(સમાચાર એજન્સી દ્વારા)અમદાવાદ, ચૂંટણીનો સમય નજીક આવે ત્યારે દરેક રાજકીય પક્ષના નેતાઓને મોટી વોટબેન્ક ગણાતો દલિત સમાજ અચૂક યાદ આવે છે. મતદારોને રીઝવવા માટે નેતાઓ ભલે દલિતોના ઘરે જઈને તેમની સાથે ભોજન લેતા હોવાના ફોટા પડાવે, પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ છે. ગુજરાતમાં આજે પણ ગ્રામીણ સ્તરે દલિતો સામેનો ભેદભાવ યથાવત હોવાનું સાબિત કરતી ત્રણ અલગ-અલગ ઘટનાઓ માત્ર ત્રણ દિવસમાં સામે આવી છે, જેણે સામાજિક સમરસતાના દાવાઓ સામે મોટા સવાલો ઊભા કર્યા છે.સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના રૂપાલ ગામમાં દલિત સમાજ પર થઈ રહેલા અત્યાચારનો મામલો ગરમાયો છે. ગામના અસામાજિક તત્વો દ્વારા દલિતો સાથે સામાજિક, આર્થિક, ધાર્મિક અને ન્યાયિક સ્તરે ભેદભાવ રાખવામાં આવતો હોવાનો આક્ષેપ કરાયો છે. દલિત આગેવાનોએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને જણાવ્યું છે કે, અત્યાર સુધીમાં એટ્રોસિટી એક્ટ હેઠળ ૭ જેટલી ફરિયાદો અને અનેક રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવાયા નથી. જો આગામી સાત દિવસમાં યોગ્ય ન્યાયિક કાર્યવાહી કરવામાં નહીં આવે, તો પીડિત પરિવારોએ ગામમાંથી સામૂહિક હિજરત કરવાની ગંભીર ચીમકી ઉચ્ચારી છે.બીજો કિસ્સો મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના માઢી ગામેથી સામે આવ્યો છે. ગત ૧૦મી મેના રોજ ગામમાં એક દલિત પરિવારના લગ્ન પ્રસંગ દરમિયાન વરરાજાનો વરઘોડો નીકળ્યો હતો. આ દરમિયાન કેટલાક તત્વોએ વરરાજાને ઘોડા પરથી નીચે ઉતારી દીધા હતા અને જાતિસૂચક ગાળો આપી વરઘોડો રોકી દીધો હતો. આ મામલે મહેસાણા જિલ્લા દલિત સંગઠને કલેક્ટરને આવેદનપત્ર આપીને તમામ દોષિત આરોપીઓ સામે સત્વરે અને કડક પગલાં લેવાની માંગ કરી છે.જ્યારે ત્રીજી ઘટના સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના મેતાસર ગામે બની છે. રાજકોટમાં રહેતો એક દલિત પરિવાર વતન મેતાસર ગામે આવ્યો હતો. આ પરિવારની વ્યક્તિઓ ગામના કૂવે પાણી ભરવા ગઈ ત્યારે તેમને પાણી ભરતા અટકાવવામાં આવ્યા હતા અને સમગ્ર પરિવારનો સામાજિક બહિષ્કાર કરી દેવાયો હતો. ગત શનિવારે આ મામલો પ્રકાશમાં આવ્યા બાદ પોલીસે કડક વલણ અપનાવીને અત્યાચાર ગુજારનારા ૬ શખસો સામે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# વસ્તી ગણતરી એ રાષ્ટ્રીય ફરજ છે, દરેક નાગરિકે તેમાં સંપૂર્ણ સહકાર આપવો જોઈએ: પદ્મશ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડ

માહિતી બ્યુરો, સુરેન્દ્રનગર:

દેશના વિકાસ અને ભવિષ્યની યોજનાઓ માટે વસ્તી ગણતરી એ અત્યંત મહત્વપૂર્ણ પ્રક્રિયા છે. આ રાષ્ટ્રીય કાર્યમાં પ્રત્યેક નાગરિકની ભાગીદારી અનિવાર્ય છે, તેવો સંદેશ આપતા સુપ્રસિદ્ધ હાસ્ય કલાકાર અને પદ્મશ્રી પુરસ્કાર વિજેતા શ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડે પોતાના પરિવારની વસ્તી ગણતરીની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. પોતાની રાષ્ટ્રીય ફરજ નિભાવીને તેમણે સમાજ સમક્ષ એક આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું છે અને તમામ નાગરિકોને આ પ્રક્રિયામાં વહીવટી તંત્રને પૂરતો સહકાર આપવા માટે નમ્ર અપીલ કરી છે. નાગરિકોને પ્રેરણા આપતા શ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડે જણાવ્યું હતું કે, ભારત એક બિનસાંપ્રદાયિક, લોકશાહી અને પ્રજાસત્તાક રાષ્ટ્ર છે, જ્યાં સરકાર દ્વારા જનકલ્યાણ માટે અનેકવિધ યોજનાઓ અને કાર્યો કરવામાં આવે છે. રાષ્ટ્રના હિતમાં થતા આ પ્રકારના તમામ લોકઉપયોગી કાર્યોમાં સરકારને સહાય કરવી, એ દેશના પ્રત્યેક નાગરિકની પરમ પવિત્ર અને નૈતિક ફરજ છે.

તેમણે ભારપૂર્વક ઉમેર્યું હતું કે, આગામી સમયમાં શરૂ થઈ રહેલી વસ્તી ગણતરીની કામગીરી એ એક ખૂબ જ મહત્વપૂર્ણ રાષ્ટ્રીય મહાયજ્ઞ છે. આ પ્રક્રિયાને સુગમ બનાવવા અને સમયનો બગાડ અટકાવવા માટે નાગરિકોએ અગાઉથી જ સજ્જ રહેવું પડશે. જ્યારે પણ વસ્તી ગણતરીના અધિકારી ઘરની મુલાકાત લે, ત્યારે પરિવારના વડા અથવા અન્ય જવાબદાર સભ્યોએ પોતાના પરિવારની સચોટ માહિતી આપવા માટે પૂર્વ તૈયારીઓ કરી રાખવી અનિવાર્ય છે.

શાહબુદ્દીનભાઈએ નાગરિકોને એક ખૂબ જ વ્યવહારુ સૂચન કરતાં જણાવ્યું કે, અત્યારે નાગરિકો ઘરે બેઠા ઓનલાઈન પોર્ટલ પર આગામી તા. ૩૧ મે સુધી જાતે જ પોતાનું ફોર્મ ભરી શકે છે. દરેક નાગરિકે આ ફોર્મ વહેલી તકે ભરી દેવું જોઈએ. ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ જે 'સેલ્ફ આઈડી' (SE ID) મળે, તેની ખાસ નોંધ રાખવી. વસ્તી ગણતરી માટે નિયુક્ત સરકારી અધિકારી જ્યારે ઘરે આવે, ત્યારે તેમને માત્ર આ જીઈ ID આપવાનો રહેશે, જેના આધારે તેઓ સરળતાથી તમામ વિગતો મેળવી શકશે. આ ડિજિટલ પ્રક્રિયા અપનાવવાથી સમયની મોટી બચત થશે અને કોઈ પણ પક્ષે વિલંબ નહીં થાય.

તેમણે ગૌરવપૂર્વક જણાવ્યું કે, હું પોતે પણ આ પ્રક્રિયામાંથી પસાર થયો છું અને મેં મારા પરિવારની તમામ વિગતો અગાઉથી જ સંપૂર્ણ રીતે તૈયાર રાખી હતી. તેમણે તમામ નાગરિકોને રાષ્ટ્રના આ અત્યંત મહત્વપૂર્ણ કાર્યમાં પોતાનો સક્રિય તથા સંપૂર્ણ સહકાર આપીને, એક સનિષ્ઠ નાગરિક તરીકેની રાષ્ટ્રીય ફરજ અચૂક નિભાવવા માટે હાર્દિક અનુરોધ કર્યો છે.

# અમદાવાદના દાણીલીમડામાં યુવકની ઘાતકી હત્યા થઈ

અમદાવાદ, અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં હત્યાની ચકચાર મચાવતો બનાવ સામે આવ્યો છે. ફૈઝલનગર વિસ્તારમાં વહેલી સવારે એક યુવકની છરીના ઘા મારી હત્યા કરવામાં આવી હતી. મૃતકની ઓળખ જુહાપુરાના રહેવાસી અમન પઠાણ તરીકે થઈ છે. ઘટનાની જાણ થતા જ સ્થાનિક લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો, જ્યારે પોલીસ કાફલો પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે અમન પઠાણ પર અરબાઝ નામના શખ્સે હુમલો કર્યો હતો. હુમલા દરમિયાન અમનને છરીના ઘા મારવામાં આવ્યા હતા, જેના કારણે તેનું મોત નીપજ્યું હતું. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે મૃતક અને આરોપી બંને એકબીજાના મિત્રો હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાને લઈને અનેક ચર્ચાઓ ચાલી રહી છે અને હત્યા પાછળનું સાચું કારણ હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી.

# અમદાવાદના મોરૈયામાં કલરની ફેક્ટરીમાં ભીષણ આગ લાગી

(સમાચાર એજન્સી દ્વારા)અમદાવાદ, સાણંદ તાલુકાના મોરૈયા વિસ્તારમાં આગની ઘટના ઘટી છે. જેમાં મોરૈયા બ્રિજ નજીક ચાંગોદર-મોરૈયા હાઈવે પર આવેલી ESDEE PAINT પ્રિન્ટ્સ નામની કલરની કંપનીમાં પણ ભીષણ આગ લાગી છે. આ કંપનીમાં લાગેલી આગના કારણે પણ દૂર-દૂર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા છે અને ત્યાં પણ ફાયર વિભાગની ૧૫ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી આગ બુઝાવવાની કામગીરીમાં જોડાઈ હતી. ઘટનાની ગંભીરતાને જોતાં ફાયરનો મેજર કોલ જાહેર કરાયો છે.હાલની સ્થિતિએ મોરૈયા ખાતે લાગેલી આગને બુઝાવવા માટે ફાયર વિભાગ દ્વારા સઘન પ્રયાસો ચાલુ છે. જોકે, આ આગ લાગવા પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી સામે આવ્યું નથી. પરંતુ આ ઘટનાઓમાં કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી, પરંતુ કંપનીઓની મિલકત અને માલસામાનને મોટા પાયે નુકસાન થયું હોવાની ભીતિ સેવાઈ રહી છે.

ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા ૨૪ કલાકમાં બે સ્થળોએ વિકરાળ આગની ઘટના ઘટી છે. જેમાં પ્રથમ ગત રાત્રિએ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના ભેટાવાડા ગામ નજીક આવેલી પ્રતિષ્ઠિત ફાર્માસ્યુટિકલ કંપની ઝાયડસ લાઈફસાયન્સ લિમિટેડના ગોડાઉનમાં અચાનક ભીષણ આગની ઘટના ઘટી હતી. આગની આ ઘટના એટલી ગંભીર હતી કે તેને કારણે સમગ્ર પંથકમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

# આણંદમાં લાંચિયો સરકારી ડોક્ટર રંગેહાથ ઝડપાયો

(સમાચાર એજન્સી દ્વારા)આણંદ, ગુજરાતમાં સરકારી બાબુઓ અને કર્મચારીઓમાં ભ્રષ્ટાચારના કિસ્સાઓ અટકવાનું નામ નથી લઈ રહ્યા, ત્યારે આણંદમાંથી એન્ટી કરપ્શન બ્યુરો (છઝ્રમ) ની એક ખૂબ જ મોટી અને સફળ ટ્રેપ સામે આવી છે. આણંદની જનરલ હોસ્પિટલમાં કરાર આધારિત ઓર્થોપેડિક સર્જન તરીકે ફરજ બજાવતા ડૉક્ટર ચિંતન સ્નેહલભાઈ શાહને એસીબીની ટીમે રૂબરૂ લાંચ લેતા લોબીમાંથી રંગેહાથ ઝડપી પાડ્યા છે. ભગવાન સમાન ગણાતા ડૉક્ટરે સરકારી નિયમ મુજબ મફતમાં થતા ઓપરેશન માટે લાંચની માંગણી કરી હોવાનું સામે આવતા ચકચાર મચી ગઈ છે. મળતી માહિતી મુજબ, એક ફરિયાદીના હાથની આંગળીનું ઓપરેશન કરવાનું હતું. સરકારી હોસ્પિટલ હોવા છતાં ડૉ. ચિંતન શાહે આ ઓપરેશન કરવા માટે દર્દી પાસે રૂપિયા ૬૫૦૦ની લાંચની માંગણી કરી હતી. જો કે, ફરિયાદી એટલી રકમ આપવા સક્ષમ ન હોવાથી બંને વચ્ચે રકઝક થઈ હતી અને આખરે રૂપિયા ૪ હજારમાં સોદો નક્કી થયો હતો. આ નક્કી થયેલી રકમમાંથી ડૉક્ટરે રૂપિયા ૧ હજાર અગાઉ જ એડવાન્સ પેટે લઈ લીધા હતા. બાકી રહેતા રૂપિયા ૩ હજાર આપવા ફરિયાદી તૈયાર ન હોવાથી તેમણે આ અંગે એસીબીનો સંપર્ક કર્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે એસીબીની ટીમે આણંદ જનરલ હોસ્પિટલના પ્રથમ માળે આવેલા ઓપરેશન થિયેટરની બહારની લોબીમાં જ લાંચનું છટકું ગોઠવ્યું હતું. ફરિયાદી પાસેથી બાકીના રૂપિયા ૩ હજારની લાંચ સ્વીકારતા જ એસીબીના અધિકારીઓએ ડૉ. ચિંતન શાહને દબોચી લીધા હતા. એસીબીએ સમગ્ર મામલે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધીને ડૉક્ટર વિરૂદ્ધ કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે.

માલિક પંડયા નિરવ અનિલભાઈ મુદ્રક બિપીન જગદીશચંદ્ર ઉપાધ્યાય દ્વારા ઉપાધ્યાય પ્રિન્ટર્સ, પ્લોટ નં.૨૩૦૫, જીઆઈડીસી એસ્ટેટ, પાનોલી ૩૯૪૧૧૬, જી.ભરૂચ, ગુજરાત ખાતે મુદ્રિત કરી પ્રકાશક તેમજ સંપાદક પંડયા નિરવ અનિલભાઈએ બી/૧૩, ભાવના ફાર્મ, રાજપીપળા રોડ, અંકલેશ્વર, તા.અંકલેશ્વર,જી.ભરૂચ, ગુજરાત રાજ્ય ખાતે સંપાદિત કરી પ્રકાશિત કર્યું.
OWNED PANDYA NIRAV ANILBHAI, PRINTED BY PRINER BIPIN JAGDISHCHANDRA UPADHYAY AT UPADHYAY PRINTERS, PLOT NO. 2305, GIDC ESTATE, PANOLI-394116, DIST. BHARUCH, GUJARAT STATE, EDITED AND PUBLISHED BY PANDYA NIRAV ANILBHAI AT :B/13, BHAVNA FARM, RAJPIPLA ROAD, ANKLESHWAR, TA.ANKLESHWAR, DIST.BHARUCH, GUJARAT STATE.

20-05-2026_NewsEye_116_4